# અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારો અને તેને અટકાવવાના ઉપાયો

* સંપાદન *

ડૉ. સિદ્ધરાજભાઈ સુ. સોલંકી

શ્રી કાન્તિલાલ ડા. મકવાણા

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૯૮

# અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારો અને તેને અટકાવવાના ઉપાયો

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તથા સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦ અને ૨૧ ઑગષ્ટ ૧૯૯૭ના રોજ આયોજિત દ્વિદિવસીય પરિસંવાદનો અહેવાલ


❋ સંપાદન ❋

**ડૉ. સિદ્ધરાજભાઈ સુ. સોલંકી**

**શ્રી કાન્તિલાલ ડા. મકવાણા**



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

**૧૯૯૮**

• પ્રકાશક
**શૈલેશ કોદરભાઈ પટેલ**
કાર્યકારી કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ : ૩૮૦ ૦૧૪.

(C) ગૂજરાત વિદ્યાપીઠ

• **પ્રથમ આવૃત્તિ :** એપ્રિલ - ૧૯૯૮
પ્રત ૮૫૦

• **મુદ્રક**
**સ્કેન-ઓ ગ્રાફિકસ**
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : ૪૯૪૩૯૦, ૭૪૩૫૪૧૫

## આવકાર

ભારતની વસતિનાં કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ રહી જવા પામ્યાં હોવાથી તેઓની પ્રગતિ ઝડપથી થઈ શકે અને બીજા સમાજની હરોળમાં આવી શકે તે માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી. આમાંના એક જૂથને અનુસૂચિત જાતિ (શેડ્યુલ કાસ્ટ) તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીજીએ તેમના ઉદ્ધાર માટે અનેક રચનાત્મક કામો શરૂ કર્યાં હતાં. તેમનાં અગિયાર વ્રતોમાં હરિજન ઉદ્ધાર અને અસ્પૃશ્યતા નિવારણને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું હતું. ગાંધીજીએ અસ્પૃશ્યતા વિશેના જૂના ખ્યાલો બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ માનતા કે અસ્પૃશ્યતા કાનૂનથી દૂર થઈ શકશે નહી. જ્યારે હિન્દુઓનું હૃદય પરિવર્તન થશે ત્યારે અસ્પૃશ્યતા નાબૂદ થશે. તેમણે પ્રાયશ્ચિત રૂપે હરિજનોમાં શિક્ષણ પ્રસાર માટે પ્રયાસ કરી તેમના સાંસ્કૃતિક સ્તરમાં સુધારો કરવા પ્રયત્ન કર્યો હતો. હરિજન સેવક સંઘ તથા મજૂર મહાજન જેવી સંસ્થાઓની સ્થાપના કરી હરિજનો માટે ઉદ્ધારનું કામ કર્યું હતું.

આપણા દેશે આઝાદીનાં પચાસ વરસ પૂરાં કર્યાં. આઠ પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ થઈ છતાં ગરીબોની કાયા પલટમાં અપેક્ષા મુજબ ઝાઝો ફેર પડ્યો નથી એ હકીકત છે. આઝાદીનાં મીઠાં ફળો છેલ્લામાં છેલ્લા આદમીને પહોંચવાને બદલે સ્થાપિત હિતો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ ખાઈ ગયા. ગરીબોને રોજી, રોટી અને પાયાની સુવિધાઓ માટે હજુ આજે પણ સંઘર્ષ કરવો પડે છે. વર્ણવ્યવસ્થાના અભિશાપથી અનુસૂચિત જાતિઓ પર પરંપરાગત અત્યાચાર થતા આવ્યા છે. ધીમે ધીમે શિક્ષણના પ્રચાર પ્રસારને કારણે તથા આધુનિક પ્રવાહોને કારણે આ સમૂહોમાં જાગૃતિ આવી. પરિણામે પ્રભાવી જાતિજૂથોની પક્કડ ઢીલી પડતાં બિનદલિત કોમો એક થઈને દલિતો પર હુમલા કરવા લાગ્યા. શહેરોમાં અને ગામડાંઓમાં હજુ આજે પણ આવા અત્યાચારો સમયાંતરે બને ત્યારે રાજ્ય સરકાર ચિંતિત બને છે અને ક્યાં કચાશ રહી જવા પામી છે તે શોધી કાઢવા માટે પરિસંવાદ

યોજીને ચર્ચા વિચારણા કરીને ઉકેલ શોધવાનો પ્રયત્ન કરે છે.

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારોના નિવારણ માટે રાજ્યના સમાજ કલ્યાણ ખાતા દ્વારા એક પરિસંવાદ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયો હતો તેમાં ગુજરાતના સમાજશાસ્ત્રીઓ, સંશોધકો, વકીલો અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. દલિતો પર થતા અત્યાચારો અટકે તે માટે ક્યા ક્યા વિભાગે શુ શું કરવું જોઈએ તેની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. પરિસંવાદની ફળશ્રુતિ રૂપે પરિસંવાદની કાર્યવાહીનો અહેવાલ,અમલીકરણ માટેનાં સૂચનો અને રજૂ થયેલા લેખો આવરી લઈને સમાજ કલ્યાણ ખાતા માટે પણ ઉપયોગી એવી માર્ગદર્શન પુસ્તિકા પ્રકાશિત કરીએ છીએ.જે અધિકારીઓ, સંશોધનકારો, સામાજિક કાર્યકરો અને ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ઉપયોગી સાબિત થશે તેવી આશા રાખું છું.

**ગોવિંદભાઈ રાવલ**
**કુલનાયક**



## અનુક્રમણિકા


| | | પા. નં. |
|---|---|---|
| | આવકાર | |
| ૧. | પરિસંવાદ કાર્યવાહીનો સારાંશ | ૬ |
| ૨. | પરિસંવાદની અંતિમ બેઠક : અસરકારક અમલીકરણ માટેના સૂચનો | ૧૭ |
| ૩. | દલિતોની સમાનતાની પુનઃ સ્થાપનાના પ્રયત્નો | ૨૩ |
| ૪. | અત્યાચાર વિરોધી ધારાની અસરકારકતાને અવરોધતાં પરિબળો | ૨૬ |
| ૫. | અત્યાચાર વિરોધી ધારો અને અમલ | ૩૫ |
| ૬. | દલિત આંદોલનમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા | ૪૦ |
| ૭. | પરિસંવાદમાં રજૂ થયેલ લેખોનો સારાંશ | ૪૨ |

# ૧. પરિસંવાદ કાર્યવાહીનો સારાંશ

સમાજકલ્યાણ ખાતું, ગુજરાત રાજ્યના સહયોગથી તા. ૨૦ અને ૨૧ મી ઓગષ્ટ, ૧૯૯૭ ના રોજ આદિવાસી કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે "અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારો અને તેને અટકાવવાના ઉપાયો" વિષયક બે દિવસનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.આ પરિસંવાદમાં ગુજરાતના સમાજ માનવશાસ્ત્રીઓ, વકીલો, સામાજિક કાર્યકરો, સંશોધકો, પત્રકારો, સંસ્થાના પ્રતિનિધિઓ, રાજ્યના તકેદારી અધિકારીઓ અને અમદાવાદના સમાજ કલ્યાણખાતા અને પોલીસ ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા. ૨૦ મી ના રોજ સવારે ૯-૩૦ વાગ્યે રાખવામાં આવ્યો હતો. પરિસંવાદની શરૂઆતમાં આદિવાસી કેન્દ્રના નિયામકશ્રી ડો.સિદ્ધરાજભાઈ સોલંકીએ ભાગ લેનાર સર્વનું અભિવાદન, આવકાર આપીને કર્યુ હતું.

નિયામકશ્રી પ્રકાશભાઈ શાહે આ પરિસંવાદ યોજવા પાછળ સરકારના હેતુની વિગતે વાત કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું હતું કે અત્યાચાર સંબંધી સંસદે ઘણા કાયદા ઘડ્યા છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ અને અપેક્ષા વચ્ચે ઘણું અંતર જોવા મળે છે. આઝાદીનાં ૫૦ વરસ પછી પણ આ પરિસ્થિતિ આપણા દેશમાં ચાલુ રહી છે. સમાજના જુદા જુદા વર્ગના લોકો જે આ ક્ષેત્રમાં કામ કરે છે તે પણ તેમના સંશોધન અને અનુભવના આધારે સૂચનો કરશે. અત્યાચારના બનાવો ન બને એવી આદર્શ સ્થિતિ નિર્માણ કરવાની છે. અત્યાચાર ધારા હેઠળ જે ગુનાઓ નોંધાય છે તેની પ્રક્રિયામાં ક્યા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તેની આપણે ચર્ચા કરીશું. આ બે દિવસના પરિસંવાદમાં ઊણપો શોધી કાઢી તેમાંથી નક્કર સૂચનો રજૂ કરવાનાં છે.

શ્રી પી.એન.પરમારે (નાયબ નિયામક -સમાજ કલ્યાણ ખાતું) તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે બૃહદ સમાજમાં સામાજિક સમાનતા પ્રસ્થાપિત કરવી



ખૂબ જ જરૂરી છે. આઝાદીનાં ૫૦ વરસ પછી પણ આવા બનાવો બને છે તે દુઃખદ બાબત છે અને દિનપ્રતિદિન અત્યાચારો વધે છે તે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. સામાજિક કાર્યકર અને સરકાર પોતાની રીતે કામ કરે છે પરંતુ આ બંને વચ્ચે સમન્વય ખૂબ જ જરૂરી છે. આપણા બંધારણમાં સામાજિક ન્યાયની વાત કરવામાં આવી છે. સમાજનો એક વર્ગ આગળ જાય જ્યારે બીજો પાછળ રહી જાય છે. દેશના દરેક નાગરિકને સામાજિક સમાનતા મળવી જોઈએ. રાજસ્થાનમાં જે દલિતો મૂર્તિ બનાવે છે તેમને જ મંદિર પ્રવેશ નથી મળતો. આજે રૂઢિચુસ્ત માનસમાં પણ વિચારોનું પરિવર્તન લાવવાની જરૂર છે. કાયદાના અમલીકરણમાં કઈ ઊણપ રહેલી છે તે શોધવાનું છે. અત્યાચારનો કાયદો દલિતો માટે ગીતા સમાન છે. સમાજના દરેક લોકોએ સાથે રહીને કામ કરવાનું છે. નિરાશ થવાની જરૂર નથી. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓના સામૂહિક પ્રયત્નથી આ સમસ્યા હલ કરી શકાશે. અનુસૂચિત જાતિ પર અત્યાચારનો બનાવ બને ત્યારે અન્ય સમુદાયના લોકો મૂકપ્રેક્ષક ન બની રહેતાં તેનો વિરોધ કરે તો અત્યાચાર નાબૂદ થઈ શકે.

ઉદ્‌ઘાટન પ્રવચનમાં શ્રી ટી.ડી.સોયન્તરે (ભૂતપૂર્વ સચિવશ્રી, આદિવાસી કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય) જણાવ્યું હતું કે વર્ષોથી પરિસંવાદો થાય છે. બધા જાણકારો મળે છે, છતાં બધુ ચીલાચાલુ થાય છે. વ્યવહારમાં અસરકારક અમલ થતો નથી. પરિણામે અત્યાચારોનું પ્રમાણ વધતું જાય છે! હજારો વર્ષોથી દલિતો પર એક પ્રકારનું સામ્રાજ્ય (Hegemony) ઠોકી બેસાડેલ છે, જે દલિતોએ ફેંકી દેવું જોઈએ. આંબેડકરની ચળવળનો અર્થ એ છે કે 'સમાજના રાજ્યનો પાયો સમાન હોવો જોઈએ'. સાંસ્કૃતિક પાયો, આર્થિક પાયો આ બધું બદલવાની જરૂર છે. બિહાર, મધ્યપ્રદેશ, ગુજરાત, તામિલનાડુ બધે દલિતો પર અત્યાચારો થઈ રહ્યા છે જે સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય છે. અત્યાચાર ધારાનો કડકાઈથી અમલ ન થાય ત્યાં સુધી તેની સંખ્યા વધતી રહેવાની છે. દલિતોને માત્ર સત્તામાં જ નહીં પણ બધામાં ભાગ મળવો જોઈએ. સરકાર તેને કંઈ આપે તો મોટી મોટી જાહેરાતો કરે છે. પરંતુ હકીકતમાં તો દલિતોનું હતું અને તેને આપે તો એમાં ખોટું શું ? બધાએ પોતાનો અભિગમ બદલવાની જરૂર છે. આ ઉપરાંત ન્યાયતંત્રનું વહીવટી માળખું પણ બદલવાની જરૂર છે. બિનદલિત આગેવાનો બધાને મુખ્ય પ્રવાહમાં

આવવાનું કહે છે પણ મજૂર લોકો ત્યાંને ત્યાં જ રહ્યા છે. એમનો વિકાસ થયો નથી. રાજકારણમાં ઉપલાવર્ગના લોકોને જ સ્થાન મળે છે. દલિતોનો પણ પક્ષ અને તેનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. વેદાંતીકરણ એ સંકુચિત વિચાર છે. ડૉ. આંબેડકર ઉદારમતવાદી હતા, તેઓ સંકુચિત ન હતા. આંબેડકરનું દર્શન બૌદ્ધનું હતું. આંબેડકરનો બૌદ્ધિઝમ એટલે સમાજવાદી બૌદ્ધિઝમ. અત્યાચારના કાયદામાં લોકો છૂટી જાય છે કારણકે પોલીસતંત્ર મૂડીવાદીનું રક્ષણ કરવા ઘડાયેલું છે. વહીવટીતંત્ર પણ બદલવાની જરૂર છે. ઇતિહાસ ફરીથી લખવાની જરૂર છે. અભ્યાસક્રમો બદલવાનું કામ આપણે કરવાનું છે. દલિતને કિંમતી જમીન કેમ ન અપાય ? થોડાઘણાને આપે તે પણ પડતર અથવા ખરાબાની. સંઘર્ષ એટલે ભાગ માગવાનો છે. અનુસૂચિતજાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગે રાજ્ય સરકાર પાસેથી ભાગ માગવાનો છે. સત્તાનો પાયો લોકશાહીની રીતે હચમચાવવાનો છે. આવા પરિસંવાદો, સમિતિઓ, કમિટી વગેરે વરસોથી ચાલતું આવ્યું છે. તેમ છતાં હજુ અત્યાચાર એના એજ છે. ગરીબોનાં સંમેલનો બોલાવવાની જરૂર છે. અત્યાચાર ન થાય તે માટે બધી બાબતો પર અભ્યાસ કરવાની જરૂર છે. જ્યાં સુધી ન્યાયતંત્રમાં બેસનારો માણસ બદલાય નહીં ત્યાં સુધી આ કાયદાનો અમલ યોગ્ય રીતે થશે નહીં.

પરિસંવાદના ઉદ્‌ઘાટન કાર્યક્રમની પૂર્ણાહૂતિ શ્રી કાન્તિલાલ મકવાણાએ સૌનો આભાર માનીને કરી હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમની નોંધ દરેક વર્તમાન પત્રો તેમ જ દૂરદર્શને સાંજના સ્થાનિક સમાચારોમાં લીધી હતી.

ઉદ્‌ઘાટન કાર્યક્રમ પછી તુરંત પ્રથમ બેઠક ગોઠવાઈ હતી. આ બેઠકનું અધ્યક્ષ સ્થાન શ્રી રમેશચંદ્ર પરમારે શોભાવ્યું હતું. પ્રથમ બેઠકમાં શ્રી જયવર્ધન હર્ષના લેખ "અત્યાચાર ભારતીય સમાજનો મહારોગ" નું વાંચન કરવામાં આવ્યું હતું અને તેની વિષદ ચર્ચા થઈ હતી.

બીજી બેઠકનું અધ્યક્ષ સ્થાન ડૉ. પી.જી. જ્યોતિકરે સંભાળ્યું હતું. આ બેઠકમાં શ્રીગૌરાંગ જાનીના "દલિતોના પ્રશ્નો : સર્વેક્ષણ અનુભવો" અને શ્રી રાજુ સોલંકીના "દલિત આંદોલનમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા" નામના લેખો રજૂ થયા હતા અને આ લેખોની વિષદ ચર્ચાઓ થઈ હતી. ચર્ચામાં પણ નાયબ નિયામકશ્રી પી.એન. પરમાર, ડો.હર્ષદભાઈ ત્રિવેદી, શ્રી સાયમનભાઈ, શ્રી કાન્તિલાલ મકવાણા, ડો. મનુભાઈ મકવાણા અને શ્રી રમેશચંદ્ર પરમારે ભાગ



લીધો હતો. અધ્યક્ષ સ્થાનેથી ડૉ. પી.જી. જ્યોતિકરે બંને લેખો આજના સંદર્ભમાં મૂલવીને પ્રથમ દિવસની સમાપન વિધિ કરી હતી.

બીજા દિવસે ભોજન પૂર્વેની પ્રથમ અને દ્વિતીય બેઠકના અધ્યક્ષ ઈન્સ્ટિટ્યુટ ઓફ અર્બન એન્થ્રોપોલોજીના નિયામક ડૉ. હર્ષદભાઈ ત્રિવેદી હતા. પ્રથમ બેઠકમાં ડૉ. પી.જી. જ્યોતિકરના "અત્યારચાર ધારાની અસરકારકતાને અવરોધતાં પરિબળો" અને શ્રી રાજુ સોલંકીના "દલિત અત્યાચારોના સંદર્ભમાં માધ્યમોની ભૂમિકા" નું વાંચન કરવામાં આવ્યું હતું. ચર્ચામાં ભાગ લેનારમાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી અશોકભાઈ ભટ્ટ, શ્રી ગૌરાંગ જાની, શ્રી સાયમનભાઈ, પ્રો. પરબતભાઈ પરમાર તથા શ્રી ત્રિભોવન તથાગતનો સમાવેશ થતો હતો.

બીજી બેઠકમાં પ્રા. મગનભાઈ પરમાર અને પ્રા. જગદીશભાઈ સોલંકીના "અત્યાચાર વિરોધીધારો અને તેનું અસરકારક અમલીકરણ" અને શ્રી શંકરભાઈ તડવીના "દલિતો પરના અત્યાચાર અને તેને અટકાવવાના ઉપાયો" નું તથા પ્રા. યશવંત વાઘેલાના "દલિત સાહિત્યમાં અત્યાચારનું આલેખન" નામના લેખોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ બેઠકની ચર્ચામાં નાયબ નિયામકશ્રી પી.એન. પરમાર, શ્રી વાલજીભાઈ પટેલ, શ્રી કાન્તિલાલ મકવાણા, ડૉ. પી.જી. જ્યોતિકર, શ્રી રાજુ સોલંકી, શ્રી સાયમનભાઈએ ચર્ચામાં ભાગ લીધો હતો. અધ્યક્ષ સ્થાનેથી ડૉ.હર્ષદભાઈ ત્રિવેદીએ તેમના સંશોધન, વાંચન અને અનુભવના આધારે મનનીય પ્રવચન કરીને બેઠકનું સમાપન કર્યું હતું.

નાયબ નિયામકશ્રી, સ.ક. ખાતુ અને નિયામકશ્રી આ.સં.તા.કેન્દ્ર તથા અન્ય વિદ્વાનો સાથે વિચાર વિમર્શના અંતે જુદી જુદી બેઠકોને જૂથોમાં વહેંચીને સૂચનો મેળવવાનું નક્કી થયું જેથી ઊંડાણપૂર્વક ચર્ચા થઈ શકે અને સૂચનો પણ મળી શકે. તે મુજબ જુદી જુદી પાંચ સમિતિઓની રચના કરવામાં આવી હતી અને તમામ સમિતિના અધ્યક્ષ નક્કી કરવામાં આવ્યા હતા.

**(૧) ન્યાયતંત્ર :**
- શ્રી વાલજીભાઈ પટેલ (અધ્યક્ષ)
- ડૉ. એમ.આઈ. મસવી
- શ્રી એલ.જી. ચૌહાણ
- શ્રી ત્રિભુવન તથાગત
- ડૉ. મનુભાઈ મકવાણા

(૨) **પોલીસતંત્ર :** - શ્રી ગૌરાંગ જાની (અધ્યક્ષ)
- શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય
- શ્રી ભીખાભાઈ પટેલ
- શ્રી જસવંતસિંહ રાઠોડ
- શ્રી ઈશ્વરભાઈ
- શ્રી પી.એન. પરમાર
- શ્રી અરુણ પટેલ
- શ્રી દિલીપભાઈ પરમાર

(૩) **તકેદારી સમિતિ :** - શ્રી જગદીશભાઈ સોલંકી (અધ્યક્ષ)
- શ્રી પી.એન. ચાવડા
- ડૉ. જ્યોતિકર પી. જી.
- શ્રીમતી ભારતીબહેન ચાવડા
- કુ. મીરાંબહેન મકવાણા
- શ્રીમતી રેખાબહેન કે. મહેતા
- શ્રી વાલજીભાઈ પટેલ

(૪) **સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો :** - ડૉ. હર્ષદ ત્રિવેદી (અધ્યક્ષ)
- શ્રી રાજુ સોલંકી
- શ્રી મહેશ પંડ્યા
- શ્રી યશવંત વાઘેલા
- શ્રી ધીરુભાઈ પટેલ
- શ્રી પી.એન. પરમાર

(૫) **પુનઃવસવાટ :** શ્રી એમ.એન. પરમાર (અધ્યક્ષ)
- શ્રી શંકરભાઈ તડવી
- શ્રી એસ.બી. રાઠોડ
- શ્રી રમણભાઈ ટી. સુતરિયા
- શ્રી જી.આર. પંડયા
- ડૉ. ત્રિ. દે. ગાંધી
- શ્રી સાયમન મેકવાન



- શ્રી એમ.એન. પરમાર
- શ્રી એમ.એન. શેખ
- શ્રી સોમેશ વિ. સોલંકી

જૂથચર્ચાના અંતે યોજાયેલ સંયુક્ત બેઠકના અધ્યક્ષસ્થાને શ્રી વાલજીભાઈ પટેલ હતા. દરેક સમિતિના વડાઓએ તેમની સમિતિ જૂથચર્ચાના અંતે નક્કી થયેલાં સૂચનોનું વાંચન કર્યું હતું. દરેક સમિતિનાં સૂચનોમાં કંઈ રહી જવા પામતુ હોય તો તે સામેલ કરવાનું નક્કી થયું હતું. સમાપન બેઠકના અધ્યક્ષસ્થાને સમાજકલ્યાણ ખાતાના સંયુક્ત નિયામકશ્રી એમ.એન. શેખ હતા. નિયામકશ્રી આદિવાસી કેન્દ્ર એ બે દિવસ આપેલ સહકાર બદલ સૌનો આભાર માન્યો હતો.

## પરિસંવાદમાં હાજર રહેલાઓની યાદી

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી ટી.ડી. સોયન્તર | ભૂતપૂર્વ સચિવ<br>આદિજાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૨. | શ્રી પ્રકાશભાઈ શાહ | નિયામક<br>સ.ક.ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૩. | ડૉ. સિ.સુ. સોલંકી | નિયામક<br>આ.સં.તા.કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪. | શ્રી એમ.એન. શેખ | સંયુક્ત નિયામક<br>સ.ક.ખાતુ, ગુજરાત રાજ્ય |
| ૫. | શ્રી પી.એન. પરમાર | નાયબ નિયામક<br>સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૬. | શ્રી અરવિંદ ઘોસાળકર | સંગ્રહાલય વ્યવસ્થાપક આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૭. | શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | સંશોધન અધિકારી આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૮. | શ્રી ચંદ્રકાન્ત પટેલ | સંશોધન મદદનીશ આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૯. | શ્રી એમ. સી. દોંગા | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી, અમદાવાદ |
| ૧૦. | શ્રી એસ.બી. રાઠોડ | તકેદારી અધિકારી, રાજકોટ વિભાગ |
| ૧૧. | ડૉ. એમ.આઈ. મસવી | વરિષ્ઠ સંશોધન અધિકારી આ.સં.તા.કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૧૨. | શ્રી એલ.જી. ચૌહાણ | તકેદારી અધિકારી અમદાવાદ |
| ૧૩. | ડૉ. પી.જી. જ્યોતિકર | નિવૃત્ત પ્રાધ્યાપક દાણીલીમડા, અમદાવાદ |
| ૧૪. | શ્રી એમ. એન. પરમાર | સમાજકાર્ય વિભાગ, મ.સ.યુનિ. વડોદરા |
| ૧૫. | ડૉ. એમ.એચ. મકવાણા | રીડર સમાજશાસ્ત્ર વિભાગ, ગુ. યુનિ., અમદાવાદ |



| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧૬. | શ્રી જગદીશ સોલંકી | સમાજકાર્ય વિભાગ મહારાજ સાયાજીરાવ યુનિ., વડોદરા |
| ૧૭. | ડૉ. ડી. જી. દેસાઈ | ફેકલ્ટી ઓફ મેડિસીન |
| ૧૮. | શ્રી સાયમન એ. મેકવાન | સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| ૧૯. | ડૉ. રેખા કે. મહેતા | વ્યાખ્યાતા આ.સં.તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨૦. | શ્રી કાન્તિલાલ મકવાણા | સંશોધન અધિકારી આ.સં.તા.કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨૧. | શ્રી અશોક જે. ભટ્ટ | આસિ. પોલીસ કમિશનર, અ.જા./અ.જ.જા. સેલ, કારંજ ભવન, અમદાવાદ |
| ૨૨. | શ્રી મહેન્દ્રભાઈ પી. જાદવ | 'પરાગ' ૨૩, ન્યુ ગિરિરાજ સોસાયટી, વેજલપુર, અમદાવાદ-૫૧ |
| ૨૩. | શ્રી ગણપતભાઈ રાઠોડ | દલિત આગેવાન |
| ૨૪. | શ્રી મણિલાલ બી. પટેલ | કારંજ ભવન, અમદાવાદ |
| ૨૫. | શ્રી મનહરભાઈ મકવાણા | નિવૃત્ત ડી.ડી.ઓ. ગાંધીઆશ્રમ, અમદાવાદ |
| ૨૬. | ડૉ. રમેશચંદ્ર પરમાર | સમાજિક કાર્યકર |
| ૨૭. | શ્રી અરુણભાઈ બી. પટેલ | સંશોધન મદદનીશ આ.સં.તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૨૮. | શ્રી રવીન્દ્ર પંચોલી | સંશોધન મદદનીશ<br>આ.સં.તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨૯. | શ્રી ત્રિભુવન એલ. દવે | વકીલ,કાનૂની સલાહકાર |
| ૩૦. | ડૉ.દલપત શ્રીમાળી | પત્રકાર,સંશોધક, સાહિત્યકાર અમદાવાદ |
| ૩૧. | શ્રી રમણભાઈ ટી. સુતરીયા | નિવૃત્ત કર્મચારી |
| ૩૨. | શ્રી પુરુષોત્તમ ડી. ગાંધી | સામાજિક કાર્યકર |
| ૩૩. | ડૉ. ત્રિ. દે. ગાંધી | નિવૃત્ત નિયામક, આરોગ્ય ખાતું, ગાંધીનગર |
| ૩૪. | શ્રી રાજુ સોલંકી | પત્રકાર |
| ૩૫. | શ્રી જયવર્ધન હર્ષ | મહામંત્રી<br>ગુજરાત બૌધિષ્ઠ અકાદમી અમદાવાદ |
| ૩૬. | શ્રી ભીખાભાઈ પટેલ | સંશોધન અધિકારી<br>આ. સં. તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૩૭. | ડૉ. હર્ષદભાઈ ત્રિવેદી | મંત્રી અને માનદ્ નિયામક<br>ઈન્સ્ટિટયુટ ઓફ કલ્ચરલ એન્ડ અર્બન એન્થ્રોપોલોજી,અમદાવાદ |
| ૩૮. | શ્રી પી.એમ. ચાવડા | તકેદારી અધિકારી,<br>વડોદરા |
| ૩૯. | શ્રી જસવંતસિંહ રાઠોડ | સંશોધન મદદનીશ<br>આ.સં.તા. કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪૦. | શ્રી મહેન્દ્ર સંઘપાલ | ઉપાધ્યક્ષ, અ.ભારતીય<br>તિબેટ મુક્તિ સમર્થક વિદ્યાર્થી મંચ |



| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૪૧. | શ્રી ગૌરાંગ જાની | અધ્યાપક<br>સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ., અમદાવાદ |
| ૪૨. | શ્રી દિલીપ પરમાર | આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,<br>ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૪૩. | શ્રી અશોક પટેલ | અ.જા./અ.જ.જા.સેલ, કારંજભવન |
| ૪૪. | શ્રી પી.એમ. પરમાર | રીડર, સમાજશાસ્ત્ર વિભાગ, |
| ૪૫. | શ્રી જયંતી બારોટ | સામાજિક કાર્યકર |
| ૪૬. | શ્રી આર.આર. ગુપ્તા | વકીલ |
| ૪૭. | શ્રી ભાણજીભાઈ બગડા | સામાજિક કાર્યકર |
| ૪૮. | શ્રી શંકરભાઈ તડવી | લેખક, છોટાઉદેપુર |
| ૪૯. | શ્રી વાલજીભાઈ એચ. પટેલ | કર્મશીલ, અમદાવાદ |
| ૫૦. | શ્રી ધીરુભાઈ પટેલ | સામાજિક કાર્યકર, અમદાવાદ |
| ૫૧. | પ્રા. યશવંત વાઘેલા | અધ્યાપક, અમદાવાદ |
| ૫૨. | શ્રી ત્રિભુવન તથાગત | અમદાવાદ |
| ૫૩. | શ્રીમતી ભારતીબહેન એમ. ચાવડા | સમાજકલ્યાણ નિરીક્ષક<br>જિ.પં., અમદાવાદ |
| ૫૪. | કુ. મીરાબહેન એફ. મકવાણા | આદિ.સં.તા.કેન્દ્ર, ગૂ.વિ., અમદાવાદ |
| ૫૫. | શ્રી બાબુભાઈ એન. ડામોર | " " " |
| ૫૬. | શ્રી અશોક સી. પરમાર | " " " |
| ૫૭. | શ્રી ગણપતભાઈ રે. પંડ્યા | ચિત્રકાર |

## પરિસંવાદમાં નીચે મુજબના લેખો રજૂ થયા હતા

| ક્રમ | નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧. | અત્યાચાર ધારાની અસરકારકતાને અવરોધતાં પરિબળો | ડૉ. પી.જી. જ્યોતિકર |
| ૨. | અત્યાચાર : ભારતીય સમાજનો મહારોગ | શ્રી જયવર્ધન હર્ષ |
| ૩. | અત્યાચાર વિરોધીધારો અને તેનું અસરકારક અમલીકરણ | પ્રા. મગનભાઈ પરમાર<br>પ્રા. જગદીશભાઈ સોલંકી |
| ૪. | દલિતોની સમાનતાની પુનઃસ્થાપનાના પ્રયત્નો | ડૉ. હર્ષદ ત્રિવેદી |
| ૫. | દલિતોના પ્રશ્નો : સર્વેક્ષણના અનુભવો | પ્રો.ગૌરાંગ જાની |
| ૬. | દલિત આંદોલનમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા | શ્રી રાજુ સોલંકી |
| ૭. | દલિત અત્યાચારોના સંદર્ભમાં માધ્યમોની ભૂમિકા | શ્રી રાજુ સોલંકી |
| ૮. | દલિતો પરના અત્યાચાર અને અટકાવવાના ઉપાયો | શ્રી શંકરભાઈ સોમાભાઈ તડવી |
| ૯. | દલિત સાહિત્યમાં અત્યાચારનું આલેખન | પ્રો. યશવંત વાઘેલા |



## ૨. પરિસંવાદની અંતિમ બેઠક

## અસરકારક અમલીકરણ

### પુનઃ વસવાટ અંગેનાં સૂચનો

(૧) હાલમાં આપવામાં આવતી સહાય- સવલતો અપૂરતી હોવાથી તેમાં વધારો કરવો જોઈએ તથા આ અંગેની માહિતી સમાજના લોકો સુધી પહોંચાડવા જુદાં જુદાં માહિતી પ્રસારણનાં સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

(૨) તકેદારી અધિકારીશ્રી દ્વારા જિલ્લાકક્ષાએ જનજાગૃતિ માટે લોકો, અગ્રગણ્ય નાગરિકો અને યુવાનોની તાલીમ શિબિરો કરવી અને દરેક ગામમાં અનુસૂચિત જાતિનાં સંગઠન બને તેવા પ્રયત્નો થવા જોઈએ.

(૩) અત્યાચાર વિરોધી ધારા હેઠળ અપાતી સહાયમાં વધારો કરવો જોઈએ અને જેમ બને તેમ જલદીથી તેની ચૂકવણી થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૪) હિજરતના કિસ્સામાં અપાતી સહાયમાં પણ સુધારો કરીને લઘુત્તમ વેતન અથવા પ્રવર્તમાન વેતન આપવું જોઈએ.

(૫) હિજરતી દલિતો માટે નર્મદા વિસ્થાપિતોનો પુનઃવસવાટ થાય છે તે ધોરણે જમીન આપીને સરકારશ્રી દ્વારા આરોગ્ય, વીજળી, પાણી, શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ.

(૬) જે ગામોએ સામૂહિક બહિષ્કાર કર્યો છે તેમના ઉપર સામૂહિક દંડ નાખવો જોઈએ અને તે દંડની રકમ એ રીતે નક્કી કરવી જોઈએ કે જેમાંથી અસરગ્રસ્ત લોકોને લઘુત્તમ વેતન આપી શકાય. બહિષ્કાર વહેલામાં વહેલી તકે ઊઠાવી લેવાય તેવા સરકારશ્રીએ તથા સામાજિક સંગઠનોએ ઉપાય કરવા જોઈએ તથા દલિતો અને સવર્ણો વચ્ચે અંતર ઘટે તેવા પ્રયત્નો થવા જોઈએ. પુનઃવસવાટ જે તે ગામમાં જ થવો જોઈએ. દલિતોનું મનોબળ વધે અને તેમને મળતી સહાય લેવા આગળ આવે તેવા પ્રયત્નો થવા જોઈએ.

(૭) ખૂનના કિસ્સાઓમાં જ્યારે પુરુષ સંયુક્ત કુટુંબમાં રહેતો હોય અને તેનું ખૂન થાય તેવા સંજોગોમાં મળતી સહાય તેની પત્ની હોય તો તેને તથા માતા-પિતા કે આશ્રિતના સંયુક્ત નામે આપવી જોઈએ.

(૮) બળાત્કાર, ગેંગરેપવાળી સ્ત્રીઓ પરના કેસોમાં શું કરવું જોઈએ તેની જરૂરી તાલીમ આપવી જોઈએ તથા ઘેરબેઠાં રોજગારી મળે તેવી ગોઠવણી થવી જોઈએ અને આવી બહેનો સાથે લગ્ન કરનાર વ્યક્તિને યોગ્ય સહાય આપવી જોઈએ.

(૯) દલિત સમાજના યુવાનોનું ગ્રામ્ય, જિલ્લા કક્ષાએ 'દલિત રક્ષક દળ' જેવું સંગઠન ઊભું થાય તે માટે સમાજકલ્યાણ ખાતાએ પ્રયત્નો કરવા જોઈએ અને તેને માટેની તાલીમ આપીને આર્થિક મદદ સમાજ કલ્યાણ ખાતાએ કરવી જોઈએ.

(૧૦) જિલ્લા, તાલુકા અને શહેરના તકેદારી સમિતિના બિન સરકારી સભ્યો તેમજ ગ્રામ પંચાયતના, ન્યાય સમિતિઓના, નગરપાલિકા, મહાનગરપાલિકાના અનુ.જાતિ/જનજાતિના સભ્યો માટે ઘનિષ્ઠ તાલીમનો કાર્યક્રમ અમલમાં મૂકવો જોઈએ. આ તાલીમ નિયમિત અસરકારક બને તેવી ગોઠવણ કરવી. તાલીમમાં જરૂરી હોય તેવા કાયદાનો અભ્યાસ તથા તેમાં સરકારી યોજનાનો સમાવેશ થાય તેવું ગોઠવવું જોઈએ.

(૧૧) પુનર્વસવાટ અંગેના કાર્યક્રમોનું સમયાંતરે મૂલ્યાંકન થવું જોઈએ. તેમાં જરૂરી સૂચનો કરવા, કાર્યને વેગવાન બનાવવા, તકેદારી સમિતિ, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક સંગઠનોને પણ સામેલ કરવા જોઈએ.

**તકેદારી સમિતિ માટેનાં સૂચનો :**

વર્તમાન જોગવાઈઓ : દેખરેખ, સમીક્ષા, અમલીકરણ માટેનાં પગલાં ,પુનઃમૂલ્યાંકન, તાલુકા- જિલ્લાની સમિતિ- સભ્યોની નામાવલી- કલેકટર - જિલ્લા એસ.સી./એસ.ટી. ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

**અસરકારક અમલીકરણનાં સૂચનો :**

(૧) તાલુકા કક્ષાની સમિતિ નિયમિત- વારંવાર નિયમ મુજબ મળવી જોઈએ.

(૨) સમિતિ મળે તેના ૧૦ દિવસ પહેલાં સભ્યોને એજન્ડા મળવો જોઈએ.

(૩) સમિતિ સભ્યોને આઈ-કાર્ડ આપી સક્ષમ સભ્યો તરીકે ગણવા જોઈએ.

(૪) સભ્યોને સત્તા આપવી જોઈએ. દા.ત. માહિતી મેળવવાનો અધિકાર હોવો જોઈએ.



(૫) સરકાર કક્ષાએથી અત્યાચાર અંગેની માહિતી મેળવવા માટે પોલીસને સૂચના આપવી જોઈએ.

(૬) સમીક્ષા માટેની તકેદારીની મીટિંગ દર માસે થવી જોઈએ.

(૭) સભ્યોના વિસ્તારમાં થયેલ અત્યાચારની માહિતી સભ્યોને ૨૪ કલાકમાં થવી જોઈએ. સભ્યોએ એફ.આઈ.આર. તથા અરજીઓ મેળવી લેવી જોઈએ.

(૮) સમિતિઓની નિમણૂકોમાં સામાજિકકાર્ય- અનુભવ વગેરે ધ્યાનમાં લેવા જોઈએ.

(૯) તકેદારી સમિતિઓની મીટિંગમાં પોલીસ પોલીસ, પટેલ હાજર રહેતા નથી. પરિણામે અત્યાચાર વિરોધી ધારાની અસરકારકતા ઘટે છે. જેથી ફરજિયાત હાજરી માટેના હુકમો સરકારે કરવા જોઈએ.

(૧૦) તકેદારી સમિતિનું નિયમન અને મૂલ્યાંકન થવું જોઈએ.

(૧૧) તકેદારી સમિતિની મીટિંગમાં સતત ત્રણવાર ગેરહાજર રહેનાર સભ્યોને સમિતિમાંથી બાકાત કરવા જોઈએ અને બીજા સક્રિય સભ્યોની નિમણૂક કરવી જોઈએ.

(૧૨) જિલ્લામાં કલેકટર અને તાલુકામાં મામલતદારની અધ્યક્ષતામાં જ ફરજિયાતપણે આ સભા મળવી જોઈએ.

(૧૩) અત્યાચારની સમીક્ષા થાય ત્યારે તેના વિલંબ અંગેના ખુલાસા સંબંધિત અધિકારી પાસેથી મેળવવા જોઈએ.

(૧૪) તકેદારી સમિતિના સભ્યોની અત્યાચાર- અસરગ્રસ્ત વિસ્તાર- સ્થળની મુલાકાત માટેની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૫) જિલ્લા - તાલુકા તકેદારી સમિતિના સભ્યોની નિયુક્તિ અંગેની માહિતીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જોઈએ.

(૧૬) શહેરી તકેદારી સમિતિઓમાં તકેદારી સભ્યોને પણ સભ્યો બનાવવા જોઈએ.

(૧૭) તકેદારી સમિતિમાં લેવાયેલા નિર્ણયોનો અમલ થવો જોઈએ.

(૧૮) તકેદારી પ્રવર સમિતિઓએ વિશ્વાસના વાતાવરણમાં સલામતી જાળવવા અને સુલેહ સંપના વાતાવરણના સર્જન માટે આગેવાનો વગેરેના સંપર્કમાં રહીને કામ કરવું જોઈએ.

(૧૯) તકેદારી સમિતિઓની નિમણૂક રાજકીય હોવાથી વારંવાર સભ્યો બદલાય છે. સભ્યોની નિમણૂક બને ત્યાં સુધી બિન રાજકીય રીતે થવી જોઈએ. નિયત સમય મર્યાદા માટે કરવી જોઈએ. સમય મર્યાદા પહેલાં તે વિખેરાવી જોઈએ નહીં.

**સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો :**

(૧) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિઓના જ્ઞાતિપંચોની, સમજણ ધરાવતી મહત્ત્વની વ્યક્તિઓને અત્યાચાર વિરોધી ધારાની તથા અન્ય કાયદાઓની સમજ આપવી.

(૨) અભણ / અશિક્ષિત વર્ગના ગ્રામ્યજનો ઉપરાંત શિક્ષકો અને કર્મચારીઓને અત્યાચાર વિરોધી કેસોનો અનુભવ ધરાવતા વડીલો દ્વારા તાલુકા કક્ષાએ શિક્ષણ આપવું, જેનું સમાજ કલ્યાણ ખાતુ અને સરકાર આયોજન કરે.

(૩) પોલીસ અધિકારીઓને આવા તાલીમવર્ગ / ઓપવર્ગમાં સામેલ કરવા જોઈએ.

(૪) તાલુકા સ્તરે અભણ - અશિક્ષિત અને ગ્રામ્ય તેમ જ અન્ય શિક્ષિત મહિલાઓના અલગ તાલીમવર્ગો દ્વારા અત્યાચાર વિરોધી ધારાની સમજ આપવી.

(૫) દરેક ગામથી જિલ્લા પંચાયતો સુધી બનાવેલી સામાજિક ન્યાય સમિતિઓના સભ્યોનું સમાજકલ્યાણ ખાતા સાથે અત્યાચાર વિરોધી ધારા અન્વયે અસરકારક અમલીકરણ માટે અર્થપૂર્ણ આદાનપ્રદાન થાય તે માટેના પ્રયાસો કરવા.

(૬) સામાજિક ન્યાય સમિતિ તથા અત્યાચાર વિરોધી સમિતિના સભ્યશ્રીઓ દ્વારા તાત્કાલિક વિધાન સભ્યને જાણ કરવામાં આવે તેમ જ ભોગ બનેલા લોકોને ત્વરિત સહાય મળી રહે તેમ જ વિધાન સભ્યોને વિધાનસભા પ્રશ્નોત્તરી દ્વારા સાચી જાણકારી આપવામાં આવે.

(૭) તમામ સરપંચોને અત્યાચાર વિરોધી ધારાનું પ્રશિક્ષણ આપવામાં આવે.

**ન્યાયતંત્ર :**

(૧) સમાજ કલ્યાણ ખાતાની કચેરીએ જિલ્લા, તાલુકા કક્ષાએ કન્ટ્રોલ રૂમ શરૂ કરવો જોઈએ અને ત્યાં મૂકાયેલ અધિકારીની હાજરીમાં સ્ટેટમેન્ટ લેવાવું જોઈએ. આવી ઓફિસમાં ખાસ અધિકારી નીમી તેની કામગીરીનું નિયમન થવું જોઈએ.

(૨) કાયદાકીય રીતે જે કોઈ ચૂકાદો આવે તેનો અને એમાં કાયદાના અમલ અંગે



વિસંગતતાઓ પેદા કરતા હોય તેવા ચૂકાદાનો તાત્કાલિક અભ્યાસ કરી સમય મર્યાદામાં જે તે કોર્ટોમાં પડકારી સુધારા કરાવવા જોઈએ.

(૩) અત્યાચાર વિરોધી ધારાના કેસો માટે જિલ્લાવાર ફરતી કોર્ટો શરૂ કરવી જોઈએ. આ ફરતી કોર્ટો (મોબાઈલ કોર્ટો) ને વાહન તેમ જ જરૂરી સ્ટાફ આપવો જોઈએ; જેનો ઉપયોગ કોર્ટના કામ સિવાય અન્ય કામો કે અન્ય ખાતાકીય કાર્યવાહીમાં થવો જોઈએ નહીં.

(૪) અત્યાચાર નિવારણ અધિનિયમના નિયમ ૭ની જોગવાઈ મુજબ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીશ્રીની નીચલી કક્ષાના અધિકારી તપાસ કરી શકે નહી.

(૫) તપાસ પછી ૩૦ દિવસમાં જ તહોમતનામું કરવાની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં તહોમતનામું થાય તો તપાસ કરી યોગ્ય કારણો ના જણાય તો જવાબદાર સામે પગલાં લેવાવાં જોઈએ.

(૬) પબ્લિક પ્રોસિક્યુટર સાથે અત્યાચારના કેસોમાં અનુ.જાતિના એડવોકેટની પેનલ પણ હોવી જોઈએ. અને ફરિયાદીને પેનલમાંથી કોઈપણ એક વકીલ પસંદ કરવાની પણ છૂટ આપવા જોગવાઈ થવી જોઈએ.

(૭) અત્યાચાર નિવારણ અધિનિયમ અને પી.સી.આર. એકટના કેસો માટે ખાસ પૂરા સમયના પબ્લિક પ્રોસિક્યુટર રોકવા અને તેમને માત્ર આ પ્રકારના કેસોની જ કામગીરી સોંપવી જોઈએ.

(૮) અત્યાચારમાં સાબિત થયા ન હોય તેવા કેસોમાં સમય મર્યાદામાં અપીલ થવી જોઈએ.

★ **પોલીસતંત્ર :**

૧. જે વિસ્તારોમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની વસતિ નોંધપાત્ર પ્રમાણમાં હોય ત્યાં હરિજન અને આદિવાસી પોલીસ અધિકારીઓ (ડિ.એસ.પી. કક્ષાના) મૂકવા એવા સૂચનો / નિર્ણયોનું ત્વરીત પાલન કરાવવું અને એ દિશામાં ગૃહખાતું ઝડપથી નિર્ણયો કરે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આમ થવાથી અત્યાચારો પર નિયંત્રણ આવી શકે અને ન્યાય પણ મળે.

૨. દલિતો સંબંધિત વિભિન્ન સરકારી ખાતાઓ વચ્ચે સંકલનનો અભાવ જોવા મળે છે. આ કારણે ઘણીવાર નિર્ણયો લેવામાં વિલંબ થાય છે અને સંબંધિત વ્યક્તિઓને ન્યાય પણ મળી શકતો નથી. આ સંદર્ભમાં ખાતા વચ્ચેનું સંકલન હોવું જરૂરી છે.

૩. દલિતો પરના અત્યાચાર સંબંધી વ્યક્તિગત રીતે અને સંસ્થાકીય રીતે અહેવાલો લખાતા હોય છે અને તે અંગેનું દસ્તાવેજીકરણ પણ થતું હોય છે. આવા વેરવિખેર પ્રયત્નોને એક સાથે સાંકળી તેનું પ્રકાશન સમયે સમયે સમાજકલ્યાણ ખાતાએ કરવું અને તે અંગેની નાણાંકીય સહાય પણ આપવી.

૪. છેલ્લા વર્ષોમાં આપણે ત્યાં વારંવાર સર્જાતા અશાંત વાતાવરણ, કોમી તોફાનો અને જ્ઞાતિ સંઘર્ષોના ભાગરૂપે અત્યાચારના વિવિધ કિસ્સા બનતા હોય છે પરંતુ તેને અશાંત વાતાવરણના ભાગરૂપે ગણી લેવામાં આવે છે. વાસ્તવમાં તેને અત્યાચાર ધારામાં નોંધવા જોઈએ અને તે અંગે કાનૂની પગલાં પણ લેવાવાં જોઈએ.

૫. અત્યાચાર પામેલા દલિતોના કેસ નોંધવાની પોલીસ અધિકારી ના પાડે છે. આવા કિસ્સામાં સરકારે અધિકારીઓ ઉપર તાત્કાલિક કડક પગલાં લેવાં જોઈએ. વળી સાક્ષીઓને પણ રક્ષણ આપવું અનિવાર્ય છે.

૬. ડી.આઈ.જી. કક્ષાએ અત્યાચાર સંબંધી 'સેલ'ને તમામ સુવિધાઓ સહિત તૈયાર કરવો તેમાં ફેક્ષ ની વ્યવસ્થા હોવી જરૂરી છે.

૭. જે જિલ્લાઓમાં અત્યાચારના કેસ વધુ નોંધાય છે. ત્યાં કામ કરતા પોલીસ અધિકારીઓને સારી કામગીરી માટે બઢતી આપવી અને વિશેષ ભથ્થાંની પણ જોગવાઈ કરવી .

૮. પ્રત્યેક પોલીસ સ્ટેશનમાં ફેક્ષની સુવિધા કરવી જેને કારણે અત્યાચારનો કેસ નોંધાય ત્યારે તરતજ તે જિલ્લા / રાજ્યકક્ષાએ તેની નકલ ઉપરી અધિકારીઓને પહોંચી જાય.

૯ પી.આઈ./ પી.એસ.આઈ.ને બંધારણીય અધિકારો સંબંધી વિશેષ તાલીમ આપવી અને તે અંગેનું સાહિત્ય પણ તૈયાર કરવું.

૧૦. આપણે ત્યાં ઘણાં શહેરો અને જિલ્લા કક્ષાએ પોલીસખાતામાં જનસંપર્ક અધિકારીની જગ્યા ખાલી પડી છે અથવા તે સ્થાપિત થઈ નથી. આ માટે તાત્કાલિક પગલાં લેવાં.

★★★



## ૩. દલિતોની સમાનતાની પુનઃસ્થાપનાના પ્રયત્નો

– ડૉ. હર્ષદ રા. ત્રિવેદી

નામાંકિત સમાજશાસ્ત્રી ડૉ. આઈ.પી. દેસાઈના ૧૯૭૬ના અભ્યાસની અહીં નોંધ લેવી યોગ્ય લાગે છે. નિત્યકર્મ અને પીવાના પાણીની પ્રાપ્તિ, દુકાન અને મંદિર પ્રવેશ, ઉચ્ચવર્ણના લોકો સાથે કૌટુંબિક પરિચય, નિયત વેતનની નિર્વિઘ્ને ચૂકવણી, ખેતરમાં કામકાજની સુવિધા વગેરેની પરિસ્થિતિ ૬૯ અભ્યાસનાં ગામોમાંથી સાઠ ટકા ગામોમાં સંતોષજનક ન હતી. દરજી, નાઈ, કુંભાર વગેરેની સેવા મેળવવામાં દલિતોને અસ્પૃશ્યતાનો અનુભવ થતો હતો. ગામડામાં પંચાયતની મીટિંગમાં બેસવાની વ્યવસ્થામાં પણ ભેદભાવ વર્તાતો હતો. આવા ભેદભાવના કારણોની પાછળ જાહેર સંસ્થાના હોદ્દેદારો, સરકારી નોકરો વગેરેનો નકારાત્મક અભિગમ વર્તાતો હતો. દલિતોની ફરિયાદ પર પૂરતું ધ્યાન આપવામાં નહોતું આવતું. જો કે સરકારી વહીવટી તંત્ર દલિતોને મદદ કરવા સજાગ રહે છે. તેની ઝાંખી નીચેની વિગતોમાં પ્રતીત થાય છે.

શૅડ્યુલકાસ્ટ અને ટ્રાઈબ કમિશનના ૧૯૭૫-૭૬ના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં નીચેના હોદ્દેદારોને દલિતો સાથે અસ્પૃશ્યતાના વહેવાર માટે નોકરીમાં સ્થગિત કરવામાં આવ્યા હતા, તેમાં ૭૬ સરપંચ, ૧૪ ડેપ્યુટી સરપંચ, ૪૦ તલાટી/મંત્રી અને ૫૦ પોલીસ પટેલનો સમાવેશ થતો હતો. ગુજરાત સરકારે આવી બાબતોમાં જરૂરી પગલાં લીધાં હતાં. તેનું અનુકરણ કરવાની અન્ય રાજ્યોને પણ રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી હતી, જે નોંધપાત્ર છે.

સર્વવિદિત છે કે અસ્પૃશ્યતાનાં મૂળ શુદ્ધ અને અશુદ્ધ મનાતા કેટલાક વ્યવસાયોમાં સમાયાં છે. ઢોરનાં ચામડાંને સાફ કરવા, પકવવા તથા કચરો-ગંદવાડ સાફ કરવો વગેરે પ્રકારનાં કામોને આપણા દેશમાં હલકાં ગણવામાં આવેલ છે. વિશ્વના ઘણા બધા સમાજોમાં આવા વિચિત્ર માપદંડોને માન્યતા મળી નથી. વૈજ્ઞાનિક યાંત્રિકરણ વગેરેના ઉપયોગથી ગંદવાડ સાફ કરવાની પ્રક્રિયા ખૂબ આધુનિક થવાથી જૂની પ્રથા ઉપર કાબૂ મેળવીને અસ્પૃશ્યતાની પ્રથા નિર્મૂળ

કરવાની જરૂરત છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, મ્યુનિસિપાલિટિ, પંચાયત વગેરે સાધન સંપત્તિથી સફાઈ જાળવવાને પ્રયત્નશીલ છે. સાબરમતી આશ્રમમાં તો સફાઈ વિદ્યાલય દ્વારા આ માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે. મ્યુનિસિપાલિટિઓ તથા ગ્રામપંચાયતની સંસ્થાઓ દ્વારા ૧૯૬૪-૬૫થી ૧૯૭૮-૭૯ના વર્ષો દરમિયાન જૂના પ્રકારના જાજરુના બદલામાં ૧,૩૮,૧૯૬ આધુનિક ટબની પ્રથાનાં જાજરૂ બંધાવવામાં તકનીકી અને આર્થિક મદદ પણ આપવામાં આવેલ હતી. રાજ્ય સરકારે "હરિજન સેલ" ની સ્થાપના કરીને દલિતોના સળગતા પ્રશ્નોના નિકાલ-સમાધાનની વ્યવસ્થા કરી છે. હરિજન-આંતરજ્ઞાતિય લગ્ન કરનારને રૂ. ૫,૦૦૦/- નું અનુદાન વર્ષો પહેલાં આપીને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને વેગ આપવામાં આવ્યો છે. તેમાં અનામત સિદ્ધાંત દ્વારા શિક્ષણ અને નોકરીના ક્ષેત્રે પણ દલિતોને આગળ લાવવાના સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા. દલિતોને બંધવા મજૂરોની પ્રથાનો ભોગ ન બનવું પડે તે માટે પણ કાયદા-કાનૂનની વ્યવસ્થા સરકારી ધોરણે કરવામાં આવી છે. જો કે આ પ્રથાનું ચલણ ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યો કરતાં ઘણું ઓછું છે.

દલિત બાળકોને પ્રાથમિક શાળામાં દાખલ કરવાની પ્રક્રિયા નિયમિત રીતે ચાલું છે. ૧૯૭૪-૭૫ના અરસામાં ૨,૮૪,૩૬૩ દલિત બાળકોને ધોરણ ૧ થી ૪ માં દાખલ કરવામાં આવ્યાં હતાં. આ રીતે ૬ થી ૧૧ વર્ષના ૯૭ ટકા દલિત બાળકોને શિક્ષણની વ્યવસ્થા આપવામાં આવી હતી. ધોરણ ૫ થી ૯ સુધીમાં ૧૨ થી ૧૭ વર્ષના બાળકોને શિક્ષણ આપવાની ટકાવારી ૧૯૭૪-૭૫માં ૧૮ ટકા જેટલી થતી હતી. આ દરમિયાન દલિત વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવા માટે ૭૦૦1 વિદ્યાર્થીઓને હોસ્ટેલોની સુવિધા આપવામાં આવી હતી. દલિત વિદ્યાર્થીઓ માટે ૧૯૭૫-૭૬માં હોસ્ટેલની વ્યવસ્થા આપવા માટે રાજ્ય સરકારે ત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. સફાઈ કામદારોના બાળકોને એસ.એસ.સી. પછીના વધુ અભ્યાસ માટે વીસ શિષ્યવૃત્તિઓ આપવામાં આવી હતી. તે ઉપરાંત વિના મૂલ્યે પાઠય પુસ્તકો, પહેરવેશ, પરીક્ષા ફી-માફી વગેરે સુવિધા નબળી કક્ષાના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે. નોંધવું જોઈએ કે ૧૯૭૫-૭૭ના અરસામાં તબીબી કૉલેજોમાં અનામત સ્થાનો દલિત વિદ્યાર્થીઓના અભાવે ભરી શકાયાં ન હતાં. આઈ.એ.એસ.ના શિક્ષણ માટે



રાજ્ય સરકાર ખાસ શિક્ષણવર્ગોની સગવડતા કરે છે. ૧૯૭૭ દરમિયાન ૩૩૫ દલિત વિદ્યાર્થીઓ માટે તબીબી શિક્ષણ જોડે અનુદાન-વેતનની વ્યવસ્થા કરી હતી.

શૅડયુલ્ડકાસ્ટ અને શૅડયુલ્ડ ટ્રાઈબના કમિશનરના ૧૯૭૬-૭૭ના (પાન ૧૦૭)અહેવાલ પ્રમાણે દલિતોને માટેના ૨૦ મુદ્દાના અમલીકરણને લીધે કેટલાંક હિત ધરાવતાં પરિબળોએ પોતાના ગુસ્સા અને હતાશાને પ્રદર્શિત કરવા વ્યાપક રીતે દલિતો અને આદિવાસીઓ ઉપર કનડગત અને ત્રાસનું વાતાવરણ ઊભુ કર્યું હતું. આ પરિસ્થિતિ છૂટા છવાયા સ્વરૂપે ચાલુ છે, તે દુઃખની વાત છે. દલિતો ઉપરના ત્રાસના બનાવો ૧૯૭૫માં ૧૮, નોંધાયા હતા જ્યારે ૧૯૭૬માં તે આંકડો વધીને ૨૦૩નો થયો હતો. ૧૯૭૭-૭૮ના ગાળામાં ત્રાસના ૪૦૯ કેસો નોંધાયા હતા, જેમાં ૧૯ દલિતોનાં મૃત્યુ થયાં હતાં. નેશનલ ન્યુઝ સર્વિસના અહેવાલ પ્રમાણે ૧૯૭૮ના મધ્યભાગ સુધીમાં ૨૬ બનાવ ખૂનના અને ૬ બનાવ દલિત સ્ત્રીઓ ઉપરના અત્યાચારના બન્યા હતા. ત્રાસના આ બનાવોમાં રાહત આપવા ગુજરાત સરકારે રૂ. ૧,૦૩,૦૦૦/-ની રકમ ફાળવી હતી. આવી બાબતોને રોકવા માટે સરકારે વડોદરા અને ગાંધીનગરમાં બે હરિજન સેલની સ્થાપના કરી હતી, જેનું પોલીસ ખાતા દ્વારા અમલીકરણ કરવામાં આવ્યું છે. ૧૯૭૮-૮૦ દરમિયાન ત્રાસના ૧૩૦ કેસોમાં સરકારે મફત કાનૂની મદદ માટે નાણાંની જોગવાઈ કરી હતી. આવી મદદ હાલમાં પણ ચાલું છે તેમ જાણવામળે છે.

દલિત જાતિઓની આર્થિક સમસ્યાઓને પહોંચી વળવા શૅડયુલ કાસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના પણ કરવામાં આવી છે. ૧૯૭૯-૮૦ની સાલથી રાજ્ય સરકારે દલિતો માટે રૂ. ૪૩,૭૨,૦૦૦/- લાખ શિક્ષણ, રૂ.૬૩,૭૨,૦૦૦/-લાખ આર્થિક વિકાસ, રૂા. ૨૮,૨૦,૦૦૦/-લાખ આરોગ્ય, મકાન સુવિધા વગેરે માટે ફાળવેલ હતા. આ સમયમાં મકાન સુવિધા માટે કુલ ૨૬ સહકારી હાઉસીંગ સોસાયટીઓ દલિતો માટે સ્થાપવામાં આવી હતી.

ગુજરાત સરકારના ઉપરોક્ત પ્રયત્નોથી દલિત સમાજની સમાનતાની પુનઃસ્થાપના વિના વિલંબે થાય તે જરૂરી છે. આયોજન અને અમલીકરણમાં મોટો તફાવત વર્તાય છે તે ખેદની વાત છે.

---

**જુઓ લેખકનું પુસ્તક :** Scheduled Castes Quest for land and Social equity, 1997, Concept Publishing Company, New Delhi - 110 096

## ૪. અત્યાચાર ધારાની અસરકારકતાને અવરોધતાં પરિબળો

— ડૉ. પી.જી. જ્યોતિકર

**ઐતિહાસિક ભૂમિકા :**

આજે આપણે જેને "દલિતો- દલિત વર્ગો" તરીકે ઓળખીએ છીએ તેને ઇતિહાસના પટ પર જુદા જુદા સમયે જુદા જુદા નામે ઓળખવામાં આવતા. તેના ઉત્કર્ષ માટેના કાયદા અધિનિયમો પણ સમય-સંજોગોના પરિપ્રેક્ષ્યમાં બનતા રહ્યા છે. આપણા ગુજરાતના સંદર્ભમાં વિચારીએ તો તે જૂના મુંબઈ ઈલાકાનો ભાગ હતો ત્યારે ઓગષ્ટ, ૧૯૨૩ માં મુંબઈ પ્રાંતની વિધાનસભામાં દિવંગત સી. કે. બોલે ૧૯૨૪ માં ધારો લાવ્યા. જેમાં સાર્વજનિક સ્થળોએ "અત્યંજ વર્ગ" ના લોકોને પ્રવેશનો અધિકાર પ્રદાન કરવામાં આવ્યો હતો. જેના અમલ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૨૭માં, જગપ્રસિદ્ધ "મહાડ સત્યાગ્રહ" કર્યો હતો. વળી, ૧૯૩૦ની ગોળમેજી પરિષદમાં પણ ડૉ. આંબેડકરે દલિતો ઉપરના અત્યાચારો અને બહિષ્કારની બાબતો અંગે કાયદાની જોગવાઈ કરવાની માંગણી મૂકી હતી.[1] ત્યારપછી ૧૯૩૫માં મંદિર પ્રવેશ કાયદો થયો અને આ પ્રક્રિયા સતત ચાલતી રહી જેને પરિણામે નીચે પ્રમાણેના અધિનિયમ થયા હતા.[2]

(૧) ૧૯૪૬નો મુંબઈનો હરિજનોની સામાજિક નિર્યોગ્યતા દૂર કરવાનો અધિનિયમ.

(૨) ૧૯૪૭ નો મુંબઈનો હરિજન મંદિર પ્રવેશ અધિનિયમ.

વળી બેરિસ્ટર મુકુંદરાવ જયકર અને બેરિસ્ટર તેજ બહાદુર સપ્રુએ ડૉ. આંબેડકરના આગ્રહથી એક ખરડો તૈયાર કર્યો હતો, જે કાયદાનું સ્વરૂપ લઈ શક્યો નથી.

(૩) સૌરાષ્ટ્રનો હરિજનોની સામાજિક નિર્યોગ્યતા નિર્મૂળ કરવાનો અધિનિયમ ૧૯૪૮.

છેલ્લે પ્રજાસત્તાક ભારતીય સંવિધાનના આમુખમાં સમગ્ર ભારતના નાગરિકોને સામાજિક, આર્થિક, રાજનૈતિક સમાનતા આપવામાં આવી. બંધુતાની ઉદ્ઘોષણા કરવામાં આવી અને સમાનતાની સંપૂર્ણ ખાતરી આપવામાં આવી.[3]



બંધારણના આર્ટિકલ ૧૪ થી ૩૫માં મૂળભૂત અધિકારો આમેજ કરાયા, જેમાં કલમ ૧૫ દ્વારા ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળના આધારે થતા ભેદભાવ નાબૂદ કર્યા. વળી કોર્ટના ચૂકાદાના,આ કલમના ખોટા અર્થઘટનને નિર્મૂળ કરવા ભારતીય બંધારણનો પ્રથમ સુધારો (શૅ. કા. શૅ. ટ્રા. માટે) ૧૯૫૧માં કરી કલમ ૧૫ (૪) જોડવામાં આવી હતી. કલમ-૧૭ અન્વયે અસ્પૃશ્યતાનો ખાત્મો કરવામાં આવ્યો.અસ્પૃશ્યતા પાલનને ગુન્હો ગણવામાં આવ્યો હતો.

આ કલમ ૧૭ ના અન્વયે ૧૯૫૫નો અસ્પૃશ્યતા સંબંધી ગુનાનો ધારો જેને અંતે નાગરિક અધિકાર સંરક્ષણ ધારો ૧૯૭૫, તરીકે ઓળખવામાં આવે છે તે અમલમાં આવ્યો હતો.

૧૯૬૯માં પૂરીના શંકરાચાર્યે તેમની સામેના કેસના બચાવમાં કહ્યું કે Practice ગુન્હો બને છે. હું તો Preaching કરું છું જે ગુન્હો બનતો નથી. વળી ધર્મગુરુ તરીકે Preaching કરી શકું છું. આથી ગુજરાતના જાગૃત- પીઢ પાર્લામેન્ટરીયન શ્રી ખેમચંદ ચાવડા Preaching and Practice બન્ને ગુન્હો ગણવા લોકસભામાં બંધારણીય સુધારાનું ખાનગી બીલ નં. ૯૨-૧૯૭૪ લાવ્યા હતા. પરંતુ ૧૯૭૭માં લોકસભાનું વિસર્જન થતાં બીલ આપોઆપ રદ થયું હતું. જો કે સરકારે પાછળથી નાગરિક અધિકાર કાયદામાં (૧૯૭૫) આ સઘળી બાબતોનો સમાવેશ કર્યો હતો.

આમ અનુભવે આ તમામ ધારાઓ ઊણપવાળા જણાયા, અસ્પૃશ્યતા મહારોગના ઉપચાર માટે અપૂરતા જણાયા, મવાળ લાગ્યા, પરિણામે જલદ કાયદાની માંગણીઓ થઈ. જેવા રોગ તેવા ઉપાય, એટલે ભારત સરકારે અંતે ૧૯૮૯માં "અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ" અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯નો ૩૩મો કાયદો કર્યો.[4]

ભારત સરકારે આ કાયદાના ઉદ્દેશ્યો- કારણો સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે "આ વર્ગો ઉપરના અત્યાચારો જોતાં નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ,

---

Aboition of untouchability - 'Untouchability' is abolished and its practice in any form is forbidden. The enforcement of any disability arising out of Untouchability shall be an offence punishable in accordance with law.

૧૯૫૫ તથા ભારતીય દંડ સંહિતા જેવા પ્રવર્તમાન કાયદાઓની સામાન્ય જોગવાઈઓ આવા ગુન્હા થતા અટકાવવા અપૂરતી જણાતાં, આવા ગુન્હાઓ ઉપર અંકુશ રાખવા- રોકવા માટે આ વિશેષ કાયદો કરવામાં આવ્યો છે.[૫]

કાયદામાંની સુંદર જોગવાઈઓને નિહાળતા અલબત એ સ્વીકારવું જ રહ્યું કે આ કાયદો કડક અને આવા ગુન્હાઓને ડામવા સક્ષમ છે જ. પરંતુ આ કાયદાનો અસરકારક અમલ થતો નથી. પરિણામે જે વર્ગો માટે આ કાયદો કરવામાં આવ્યો છે તે વર્ગને રક્ષણ આપવામાં ઊણો ઊતર્યો છે.

(૧) પ્રથમ તો આ કાયદો ઘણા જ વિલંબે કરવામાં આવ્યો છે. ૧૯૫૪માં જ્યારે આ વર્ગો માટેના કાયદો થયો તે સમયે ડૉ. બાબાસાહેબ આંબેડકર તે સમયના મવાળ કાયદાથી ઘણા જ નારાજ હતા. તેમણે ૧૯૫૪ ના રાજ્યસભામાંના તેમના પ્રવચનમાં કડક કાયદાનો આગ્રહ રાખ્યો હતો.[૬] તે સમયે જો આ પ્રકારનો કડક કાયદો કર્યો હોત તો આજે ૫૦ વર્ષમાં અસ્પૃશ્યતા તથા આ વર્ગો ઉપરના અત્યાચારો લગભગ નામશેષ થઈ ગયા હોત. તેવી જ રીતે તેને આનુષંગિક અન્ય ઉપાયો નિષ્ઠાપૂર્વક અને સક્રિયતાથી યોજવામાં આવ્યા હોત તો આજે આ અસ્પૃશ્ય નામનો, આ પ્રકારનો વર્ગ જ આપણને નજરે પડત નહીં. સામાજિક સમરસતા-સામાજિક એકાકાર થઈ ગયો હોત. ઈતિહાસ-કાલગણનામાં ૫૦ વર્ષમાં બે પેઢીઓ ચાલી જાય. આજની પેઢી માટે અસ્પૃશ્યતા, અનામત, અનુસૂચિત જાતિઓ વગેરે શબ્દો અજાણ્યા હોત. ડૉ. બાબાસાહેબનુ સ્વપ્ન સાકાર થયું હોત. પરંતુ તે સમયે ડૉ. આંબેડકરની વાત સ્વીકારવામાં આવી નહીં. હવે ૪૫ વર્ષપછી જ્યારે આ પ્રકારનો કડક કાયદો કર્યો ત્યારે બોલકો સવર્ણ વર્ગ સક્રીયતાથી તેનો વિરોધ કરી રહ્યો છે. કારણ કે આજે ૧૯૪૭નો સવર્ણ વર્ગ રહ્યો નથી. ૧૯૪૭ના સમયના સવર્ણોમાં જડતા હતી, અજ્ઞાનતા હતી, રુઢિવાદિતા હતી તેમ છતાં દલિતો સામેની આવી કટુતા આજના જેટલી ':ઊગ્ર' નહોતી. વળી કેટલેક અંશે (આપણને ગમે કે ન ગમે) "જીવદયાની ભાવના" પણ હતી. જ્યારે આજે તો ભારે ઉગ્રતા પ્રવર્તે છે. આજનો સવર્ણ વર્ગ સવિશેષ જાગૃત, સક્રિય અને કેટલેક અંશે ઉગ્ર બન્યો છે. ૧૯૮૧, ૧૯૮૫નાં અનામત સામેનાં તોફાનો તેમ જ સંખ્યાબંધ અનામત વિરોધી સંસ્થાઓની કાર્યપ્રણાલી તેના પાકા પૂરાવા છે. લગભગ પ્રત્યેક રાજકીય પક્ષના અસંખ્ય સવર્ણ કાર્યકરો દલિતો (અનામત) ના વિરોધમાં હતા. અલબત તેનું પ્રમાણ ઓછું-વત્તું હતું. વળી આજે તો "મિડિયા" પ્રચાર માધ્યમો પણ મહદ્અંશે, કેટલાક અપવાદો બાદ કરતાં, સવર્ણોના આવા વલણોનું સમર્થન કરતાં હોય છે. જેના આપણને કડવા અનુભવો છે જ. પરિણામે દિન-પ્રતિદિન દલિતો ઉપરના અત્યાચારોનો આંક ઊંચે જતો હોય છે. અલબત્ત આજના દલિતોમાંની જાગૃતિ- સભાનતા અને સ્વમાન માટેની અસ્મિતા માટેની એષણા પણ તેનું એક કારણ કહી શકાય.



(૨) આ અત્યાચાર વિરોધીધારાને અવરોધતાં પરિબળોમાં દલિતો પોતે પણ એક અવરોધક પરિબળ છે. (ચિંતનનો પ્રારભ પોતાનાથી કરીએ!)

(ક) ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના દલિતોને કેન્દ્રમાં રાખી આ કાયદો કરવામાં આવ્યો છે. કારણ કે આજે પણ ગ્રામ્ય વિસ્તારના આ વર્ગો ઉપર કાયદામાં વર્ણવેલા અત્યાચારો સતત થતા હોય છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાંની તેમની આર્થિક, સામાજિક સ્થિતિ અને તેમાંય સવર્ણો ઉપર આધારિત અતિ અલ્પવસ્તી ઇત્યાદિ લાચારીઓને કારણે ગ્રામ્ય વિસ્તારના આ વર્ગો અત્યાચારો સહન કરી લ્યે છે, પરંતુ આ કાયદાનો આશ્રય લઈ કાનૂની રાહે ન્યાય મેળવતાં ખચકાય છે, ડરે છે. આમ જેમને કેન્દ્રમાં રાખી આ કાયદો કરવામાં આવ્યો છે તે ગ્રામ્ય વિસ્તારના દલિતો મોટા પ્રમાણમાં લાભ ઉઠાવી શકતા નથી. અલબત કેટલાક અપવાદરૂપ ગ્રામ્યવાસી દલિતોએ સાહસ કરી માથુ ઊંચુ કર્યું છે, કેટલેક ઠેકાણે તેમને પોતાના માદરે વતન ગામમાંથી 'હિજરત' પણ કરવી પડી છે. પરંતુ તેમણે સંઘર્ષ કર્યો છે અને સફળ થયા છે. સાંબરડાથી સ્વમાનનગરે પહોંચ્યા છે. તે અન્ય દલિતો માટે પ્રેરણાદાયક છે. અલબત્તહાલને તબક્કે આવા કિસ્સાની ગણતરી કરતાં આંગળીના વેઢા વધી પડે તેમ છે.

(ખ) દલિત વર્ગોમાં રાજકીય જાગૃતિનો જબરજસ્ત 'ફુગાવો' થયો છે. લગભગ ચોવીસ હજાર રજિસ્ટર્ડ દલિત સંસ્થાઓ છે. હજારો કાર્યકરો છે, પરંતુ તેમાં રાષ્ટ્રીય સ્તરે સર્વ માન્ય કે બહુમાન્ય પ્રભાવી નેતાગીરીનો પણ અભાવ છે. તેવીજ રીતે રાષ્ટ્રીય સ્તરે કે રાજ્યસ્તરે એવી પ્રભાવી સંસ્થાનો પણ અભાવ વરતાય છે.

એક નેતા, એક સંગઠન, એક કાર્યક્રમ જ કોઈપણ રાષ્ટ્ર કે સમાજને આગળ લઈ શકે તે ઇતિહાસસિદ્ધ સિદ્ધાંત આ વર્ગો જેટલા સવેળા સ્વીકારે તેમાં

જ તેમનું હિત છે. રેતીના કણની અઢળક સંખ્યા હોય પરંતુ માટીના ગુણના અભાવને કારણે કશુ ઉત્પન્ન થાય નહિ.

(ગ) વળી આ દલિત સંસ્થાઓ કે કાર્યકરો ગમે તે રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હોય છે. પરિણામે જે પક્ષની સરકાર સત્તા પર હોય તે પક્ષના કાર્યકરો મહદ્અંશે મૌન રહે છે અથવા દબાતા સ્વરે બોલે છે. જ્યારે જે પક્ષ સત્તા પર ન હોય તે પક્ષના કાર્યકરો ધમાચકડી મચાવે છે. આંદોલનો કરે છે. કમનસીબે સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને પક્ષ પ્રત્યેની પ્રતિબદ્ધતાની સ્પર્ધામાં પક્ષ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પલ્લું નમતું રહેતુ હોય છે જે આ કાયદાની ધારને બુઠ્ઠી કરે છે.

(ઘ) આ મુદ્દાના સંદર્ભમાં આ વર્ગોના લોકસભા, વિધાનસભાના પ્રતિનિધિઓ પણ અપેક્ષા પ્રમાણે અસરકારક રહ્યા નથી. તે હકીકતનો દુઃખ સાથે સ્વીકાર કરવો જ રહ્યો. વળી કેટલાક પ્રતિનિધિઓમાં તો આવા પદ માટે વ્યક્તિગત યોગ્યતાનો અભાવ તથા દલિત સમસ્યાઓની સમજ, સૂઝ, અભ્યાસનો પણ ભારે અભાવ પ્રવર્તતો હોવા છતાં રાજકીય પક્ષો એવા પ્રતિનિધિઓની જ પસંદગી કરે છે, કે જેમનામાં પક્ષ પ્રત્યેની તથા તેમાંય પક્ષમાંના વિશિષ્ટ જૂથ પ્રત્યેની પ્રતિબદ્ધતા સવિશેષ હોય. કેટલાક કિસ્સાઓમાં તો પંચાયત માટે અયોગ્ય હોય તેવા, પાર્લામેન્ટમાં આ વર્ગોનું પ્રતિનિધિત્વ કરતા હોય છે. રાજકીય પક્ષો ચૂંટણીમાં પોતાના ઉમેદવારની જીતને જ પ્રાધાન્ય આપતા હોય છે. બીજી બાજુ દલિત વર્ગોમાં પોતાના સક્ષમ પ્રતિનિધિને મત આપવા બાબતે જાગૃતિ-સજ્જતાની ઊણપ હોય છે.

વળી આપણી સંયુક્ત મતાધિકારની ચૂંટણીપ્રથા પણ આ વર્ગોના પ્રતિનિધિઓ માટે મુશ્કેલી સર્જે છે. કારણ કે ચૂંટણીમાં ચૂંટાવા માટે આ વર્ગોના મતદારો કરતાં સવર્ણ મતદારો ઉપર વિજયનો મોટો મદાર હોવાથી, આ વર્ગોના (ઓશિયાળા) પ્રતિનિધિઓ આ કાયદાની કાર્યવાહી કરાવવામાં સક્રિય થતાં અચકાય છે. મોટેભાગે આ વર્ગોના પ્રતિનિધિઓ આ કાયદા અન્વયે થયેલ; કરેલા કેસોમાં સમાધાન કરાવવા પોતાની વગનો ઉપયોગ કરતા નજરે પડે છે. જેને પરિણામે કાયદાની અસરકારકતા



પર માઠી અસર થાય છે. ડૉ. આંબેડકરે આ વર્ગોના પ્રતિનિધિની ચૂંટણીમાં દલિત વર્ગોના ઓછામાં ઓછા ૩૫ ટકા મત મળેલા હોવા જોઈએ તેવો સુધારો સૂચવ્યો હતો પરંતુ તે પણ સ્વીકાર્યો નહોતો.[૭]

(ચ) શહેરોમાં આકાર લઈ રહેલો સરકારી નોકરીઓમાં સારા પદે પહોંચેલા આ વર્ગોનો (Elite Class) 'એલીટ વર્ગ' આ કાયદાની જેને સૌથી વધારે આવશ્યકતા છે તે ગ્રામ્ય વિસ્તારોના વર્ગો પ્રત્યે સંતોષકારક સહાનુભૂતિ ધરાવતો નથી. આ વર્ગોને મળતા લાભો મેળવી જે પદે તે પહોંચ્યો છે તે હવે પોતાનાં ભાડુંડાંઓને ભૂલી રહ્યો છે. માત્ર પોતાના સીમિત સુખમાં 'સ્વયં કેન્દ્રી' (Self Centered) થઈ રહ્યો છે. પરિણામે આ પોતાનાં ભાંડુડાંઓને થયેલ અન્યાય સામે આ કાયદાનો લાભ 'રક્ષણ' અપાવવામાં, કાયદેસરની કાર્યવાહીમાં અને તેની અપેક્ષિત સામેલગીરીમાં ભારે ઊણપ વર્તાય છે. બીજી બાજુ શહેરી વિસ્તાર અને સરકારી કચેરીઓમાં આ એલીટ વર્ગ છાશવારે અને મોટાભાગે ખોટા કારણોસર આ કાયદાનો આશરો લઈ ઉપલા વર્ગના સવર્ણ અધિકારી સામે કેસો કરતા હોય છે. તાજેતરમાં આવા કિસ્સાની સંખ્યા વધતી રહી છે. અલબત્ત શહેરીકરણ તથા યાંત્રીકરણને કારણે અસ્પૃશ્યતા શહેરી વિસ્તારમાં અદશ્ય થઈ ગઈ છે તેમ કહીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય. તેમ છતાં સવર્ણ વર્ગના ઉપલા અધિકારીઓમાં થોડા અપવાદ બાદ કરતાં મોટા ભાગના સવર્ણ અધિકારીઓ દલિત કર્મચારીઓ પ્રત્યે કિન્નાખોરી રાખે જ છે. તે હકીકત હોવા છતાં તેઓ ગ્રામ્ય વિસ્તારો જેવા અત્યાચારો, અપમાનો કરી શકે તેવી પરિસ્થિતિમાં નથી હોતા. કારણ કે આ અધિકારીઓ કાયદાથી તથા તેના પરિણામોથી વાકેફ હોય છે. એટલે આ કાયદાની પરિધિમાં આવે તેવું કરી શકતા હોતા નથી. સવર્ણ કારખાનેદારો (ઉદ્યોગપતિઓ) દલિત કામદારોને કામે રાખતાં પણ અચકાય છે. કારણ કે તેમને આ કાયદાની ઝંઝટમાં પડવાનો ભય લાગે છે.

એલીટ વર્ગની આવી ફરિયાદોને કારણે સવર્ણ વર્ગોમાં આ કાયદા માટેનો વિરોધ પ્રતિદિન પ્રબળ બનતો રહ્યો છે. વળી આ બુદ્ધિજીવી વર્ગને મિડિયા મદદ કરતું હોય છે. પરિણામે આ કાયદાની અસરકારકતા ઘટવા માંડી છે. કાયદામાં સ્પષ્ટ રીતે જ્યાં જામીનની જોગવાઈ નથી ત્યાં નીચલી કોર્ટ જામીન આપી દે છે.

વળી કેટલાક ચૂકાદાઓમાં તો કોર્ટે પોતાના Jurisdiction થી ઉપર જઈ આ કાયદાની, તેની આવી કડક જોગવાઈઓની ટીકાઓ પણ કરી છે. સમાજકલ્યાણ વિભાગ દ્વારા આવા કિસ્સાઓની ચકાસણી કરી આંકડા અલગ તારવવામાં આવે તો આ અપપ્રચારનો રદિયો આપી શકાય. સાચી પરિસ્થિતિ તો સમજી શકાય.

**(૩) સરકારી તંત્ર પોતે જ મોટું અવરોધક પરિબળ :**

કોઈપણ બાબતે કાયદો કરવો એ એક બાબત છે પરંતુ તેના અસરકારક અમલ માટે પ્રતિબદ્ધતા હોવી તે બીજી અને મહત્ત્વની બાબત છે. આ બાબતમાં સરકાર-સરકારી તંત્ર બિલકુલ નિષ્ફળ પૂરવાર થયું છે.

આજના મતોના રાજકારણના કારણે આ વર્ગોને ખુશ કરવા કાયદો તો કર્યો. પરંતુ અસરકારક અમલ માટે આજદિન સુધી સક્ષમ તંત્રની વ્યવસ્થા કરવામાં આવી નથી.

(ક) પ્રથમ તો જે સરકારી તંત્ર ઉપર સમગ્ર કાયદાનો આધાર છે તેમની તેમાં નિષ્ઠા જ નથી. એટલું જ નહી પરંતુ મહદ્અંશે તેઓ આ કાયદાના વિરોધી છે.

(ખ) ઝડપી ન્યાયી પ્રક્રિયા માટે કાયદામાં જિલ્લા 'સેશન્સ કોર્ટ' ખાસ અદાલત બનાવી, પરંતુ તે માટેની પૂરતી સગવડ સવલતો તથા કર્મચારી ન મળ્યા, ઉલ્ટાનું આ વધારાનો અણગમતો કાર્યબોજ આવતાં અદાલતો ઊચિત ધ્યાન આપી શકી નથી.

(ગ) કાયદામાં સાત વર્ષથી ઓછી વકીલાતની પ્રેક્ટિસ ન હોય તેવા સરકારી ફોજદારી વકીલ નીમવાની જોગવાઈનો પણ સંપૂર્ણ અમલ થયો નહીં. મોટેભાગે તો સરકારી વકીલો ઉપર જ આ વધારાના કાર્યનો બોજો નાખવામાં આવ્યો છે. પરિણામે કાર્યક્ષમતા ઉપર માઠી અસર થાય તે સ્વાભાવિક છે. સરકારી વકીલો આ વધારાના અને કેટલેક અંશે અણગમતા કાર્યબોજ માટે પૂરતી તૈયારી કરી શકતા ન હોવાથી કેસના ચૂકાદા ઉપર વિપરિત અસર પડે છે.

(ઘ) તેવી જ રીતે આ કાયદામાં પ્રકરણ-૨ કલમ ૨(૪) અન્વયે યોગ્ય ફરજ ન બજાવતા સરકારી કર્મચારી અધિકારી માટે દંડ અને સજાની જોગવાઈ હોવા છતાં, અસંખ્ય કેસમાં બેદરકારી દાખવી હોવા છતાં આજદિન સુધી કોઈપણ સરકારી અધિકારીને આવી શિક્ષા કરવામાં આવી નથી.



(છ) કાયદાની જોગવાઈ અન્વયે પ્રકરણ-૩ કલમ ૧૦(૧) અનુસાર ગુન્હેગારને હદપાર કરવાની તેમ જ સામૂહિક દંડની પણ જોગવાઈ હોવા છતાં આ બાબતે સંતોષકારક અહેવાલ મળતા નથી. ૧૯૫૩માં મહેસાણા જિલ્લાના માથાસોળના દલિતોએ ગામ કૂવે પાણી ભરતાં સવર્ણોએ અત્યાચાર કર્યા. મુંબઈ રાજ્યની વિધાનસભામાં શ્રી ખેમચંદ ચાવડાએ રજૂઆત કરી ત્યારે તે સમયના મુખ્યમંત્રી-ગૃહમંત્રી શ્રી મોરારજી દેસાઈએ તે ગામના સવર્ણો ઉપર મુંબઈ રાજ્ય પોલીસ કાનૂનથી શિક્ષાત્મકવેરો નાંખ્યો હતો. આજે આવું ક્યાંય દેખાતું નથી.

(જ) ગુજરાત રાજ્યમાં ૧૯૯૨માં મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલના પ્રમુખપણાં હેઠળ આ કાયદાને મદદરૂપ થવા 'અત્યાચાર વિરોધી સમિતિ' બનાવવામાં આવી છે. તેમાં જાણીતા અને અભ્યાસી દલિત આગેવાનોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. પરંતુ આજદિન સુધી તેની કોઈ મિટિંગ થઈ નથી, કોઈ નક્કર કાર્યવાહી નથી, માત્ર કાગળ ઉપર જ તેનું અસ્તિત્વ છે.

(ઝ) કાયદાના અમલનો મુખ્ય આધાર તથા પ્રારંભ પોલીસતંત્રથી છે. 'પોલીસ તંત્ર' દ્વારા આ કાયદાનો અસરકારક અમલ થાય તેવા કોઈ "સક્ષમ વ્યવસ્થા તંત્ર" ની રચના આજદિન સુધી કરવામાં આવી નથી. ઉલટાનું પોલીસ તંત્ર માટે આ કાયદો મહદ્અંશે ભ્રષ્ટાચારનું બહાનું બની ગયો છે. કારણ કે કાયદો બિન જામીનવાળો કડક છે. કેટલાક કિસ્સામાં તો પોલીસ સામા પક્ષની સ્થિતિ જોઈ તેને ખંખેરતી હોય છે.

આમ કાયદાના બિન અસરકારક અમલ માટે કેટલેક અંશે દલિતો પોતે, કેટલેક અંશે સરકાર, સરકારી સવર્ણ અધિકારીઓ, પોલીસ તંત્ર અને 'મિડિયા' જવાબદાર ગણી શકાય. પરંતુ હવે તેમાં રાજકારણ પણ આવ્યું છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પક્ષના મુલાયમસિંહ કહે છે કે મુખ્યમંત્રીશ્રી કુ.માયાવતીએ આ કાયદા અન્વયે ખોટા કેસ કરાવ્યા છે. માટે આ કાયદો રદ કરવા અમે માગણી (સત્યાગ્રહ) કરીશુ અને કાયદાનો જનક-કાયદા માટે યશ લેનાર-યુ.પી. કોંગ્રેસ પક્ષ - પણ લગભગ આવીજ વાતો કરે છે. આ રાજકારણ પણ કાયદાની અસરકારકતા સામેનું મોટું અવરોધક પરિબળ છે. જો દલિતો સવેળા સંગઠિત થઈ સામનો નહિ કરે તો મતોના રાજકારણમાં ગમે તે થઈ શકે છે. દલિતોએ માત્ર પક્ષને જ ધ્યાનમાં ન લેતાં 'સક્ષમ પ્રતિનિધિ' ચૂંટવા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત

કરવું જોઈએ. બંધારણ સભામાં ડૉ. આંબેડકર તેનું જ્વલંત ઉદાહરણ છે, જ્યારે બીજા ૩૦ દલિતો ત્યાં હતા જ તેમ છતાં તેમનાં નામ પણ આપણામાંના કેટલા જાણે છે ?

**પાદ ટીપ**

(૧) ડૉ. પી.જી. જ્યોતિકર, ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન ચરિત પુ. ૧૮૪ પ્રકાશક : શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૨) ખેમચંદ ચાવડા, (ભૂતપૂર્વ સંસદ સદસ્ય) 'અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ માટેની બંધારણીય જોગવાઈઓ, ઉત્પત્તિ અને અમલ, ૧૯૮૫.
(૩) Constitution of India, Govt. of India, New Delhi P.P. 3-4, 1995
(૪) ...એજન... પુ. ૧૫-૧૬.
(૫) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ સને ૧૯૮૯નો ૩૩મો કાયદો, પૃ. ૨, પ્રકાશક : સમાજ કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૯૦
(૬) આં.ભ. ખેરમોડે, ડૉ. ભીમરાવ રામજી આંબેડકર ચરિત્ર ગ્રંથ-૧૦ (મહાત) પુ. ૧૪ પ્રકાશક : મહારાષ્ટ્ર રાજ્ય સાહિત્ય સાંસ્કૃતિક મંડળ, મુંબઈ ૧૯૮૯.
And
Parliamentary Debates, Rajya Sabha, Vol. VII-PP 242445 Date 16-9-1954.
(૭) Constituent Assembly Debates Vol. VIII P. 240

★ ★ ★



## ૫. અત્યાચાર વિરોધી ધારો અને અમલ

**પ્રા.મગનભાઈ પરમાર** - રીડર
**પ્રો.જગદીશ સોલંકી** - સહાયક
સમાજકાર્ય વિભાગ, વડોદરા

દેશમાં આજે દલિતોનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન, સમસ્યા હોય તો તે છે તેમના ઉપર થતા અત્યાચારો અને તેમાં ઉત્તરોત્તર થતો વધારો. સમાજના બિનદલિત લોકો દ્વારા ભારતમાં દલિતો ઉપર ગુજારાતા ત્રાસ, દમન અને શોષણને લીધે તેમને જે વેદના ભોગવવી પડે છે તેનું વર્ણન કરવું અત્યંત કપરુ છે. ૧૯૮૧ થી ૧૯૮૬ દરમિયાન ભારતદેશનાં જુદાં જુદાં રાજ્યોમાં દલિતો ઉપર ગુજારાયેલા ગુનાઓનો સત્તાવાર આંકડો કુલ ૯૧,૦૯૭ થવા પામે છે. આ ગુનાઓમાં દલિતોનાં ૩,૧૩૯ ખૂન, ૮,૫૦૧ ભયંકર અસહ્ય પીડાઓ, ૩,૯૯૮ બળાત્કાર અને ૬,૨૭૯ આગ લૂટની ઘટનાઓ છે. વળી ૧૯૯૦માં દલિતો ઉપર થતા અત્યાચારોની સંખ્યા ૨૧,૩૮૩ હતી, ૧૯૯૨માં ૨૦,૮૩૪ હતી. આમ જો દલિતો ઉપર થતા અત્યાચારો અંગે ચીવટપૂર્વક જાણકારી મેળવવા અભ્યાસ કરવામાં આવે તો દલિતોની, સ્વતંત્ર ભારતમાં થતી અવગણના, તેની પરિસ્થિતિ વગેરેનો ચોક્કસ ખ્યાલ આવે. દલિતો ઉપર થતા અત્યાચારો રોકવા આપણે ત્યાં બંધારણીય જોગવાઈ છે. મૂળભૂતો હક્કો આપવામાં આવ્યા છે. અનેક ધારાઓ ઘડવામાં આવ્યા. તેમાં સમયાંતરે પરિવર્તનો ,સુધારાઓ કરવામાં આવ્યા છતાં મૂળ જે પ્રશ્ન છે તે - 'અત્યાચારો' - તેમાં હજુ કંઈ નોંધપાત્ર ઘટાડો થતો હોય તેમ લાગતુ નથી.

**અનુસૂચિતજાતિ તથા અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાવતો ધારો ૧૯૮૯ :**

આ ધારો મુખ્યત્વે દલિતો અને આદિવાસીઓ ઉપર થતા અત્યાચારો અટકાવવા માટે છે. તેમાં સ્પેશ્યલ કોર્ટથી માંડી અનેક જાતના ઉપાયો સૂચવવામાં આવેલા છે. એટલું જ નહીં પણ ઈજા પામેલા અને સામાજિક બહિષ્કૃત દલિત

આદિવાસી લોકોનો વ્યવસ્થિત પુનઃવસવાટ થાય તેવા પણ ઉપાયો સદર ધારામાં સૂચવેલા છે.

આ ધારાની કલમો અંગે ટૂંકમાં વાત કરીએ તો ધારાની જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિ દલિત/આદિવાસીને ન ખાવાની વસ્તુ કે ઝેરી પદાર્થ ખાવા માટે દબાણ કરી શકે નહીં. તેના રહેઠાણ વિસ્તારમાં કે અન્ય ઉપયોગમાં લેવાતા વિસ્તારમાં નકામી વસ્તુ, પ્રાણી, પક્ષી કે મૃત દેહો વિગેરે ફેંકી ઈજા, અપમાન, કનડગત કરી શકે નહીં. જબરજસ્તીથી તેનાં કપડાં ઉતારવાં, નગ્ન કરી પ્રદર્શન કરાવવું, ચહેરો કે શરીર ઉપર રંગ વગેરે કરી શકાય નહીં. દલિત માલીકીની જમીન પડાવી લેવી, અથવા માલીકીની જમીન, મકાન, પાણી ઉપરના તેના ભોગવટામાં હસ્તક્ષેપ કરી શકાય નહીં. દલિત/આદિવાસી પાસે વેઠ બળજબરીપૂર્વક મજૂરી કરાવી શકાય નહીં. આદિવાસી દલિત વ્યક્તિ ઉપર ખોટો દ્વેષપૂર્ણ દાવો કે કાનૂની કાર્યવાહી કરી શકાય નહી. ખાસ કરીને ચૂંટણી સમયે કોઈ ઉમેદવારને મત આપવા અથવા અપાવવા કોઈ જબરજસ્તી કે ધમકી આપી શકાય નહીં. આ સિવાય ઈજા કરવી, ત્રાસ આપવો, જાહેર સેવકને ખોટી માહિતી આપવી વગેરે પણ સદર અધિનિયમ મુજબ શિક્ષાને પાત્ર છે. તદ્ઉપરાંત સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી હુમલો કે બળઉપયોગ, કોઈ ઝરા અથવા જળાશય અથવા સ્ત્રોતનાં પાણીનો ઉપયોગ દલિત/આદિવાસીઓ કરતા હોય તેને ભ્રષ્ટ કે ગંદુ કરી શકાય નહી. જાહેર વિહારધામે જવાના રસ્તાનો ઉપયોગ કરતાં અટકાવી શકાય નહીં કે તેમના માટે કોઈ અડચણ ઊભી કરી શકાય નહી. દલિતો / આદિવાસીઓને ઘર, ગામ અથવા રહેઠાણનું સ્થળ છોડવા બળજબરી કરી શકાય નહી. તેમને ફાળવવામાં આવેલ જમીન ઉપર અન્ય અનધિકૃત રીતે કબજો મેળવી શકે નહી. કોઈ સ્થળે ઈરાદાપૂર્વક અપમાન કરે અથવા માનભંગ કરવાના ઈરાદાથી ધમકી આપી શકાય નહીં. દલિત/આદિવાસી સ્ત્રીની ઈચ્છાશક્તિ ઉપર વર્ચસ્વ ધરાવતું પદ ધરાવતા હોય અને તેણી સંમતિ ન હોવા છતાંય શોષણ કરવામાં આવે તો તે શિક્ષા અને દંડને પાત્ર થાય.

ઉપરોક્ત અધિનિયમમાં જણાવેલ ઉપાયો અને જોગવાઈ સિવાય પણ અનેક ઉપાયો અને વ્યવસ્થાઓ ગોઠવવામાં આવેલ છે. તેમ છતાં જે રીતે અત્યાચારોમાં ઘટાડો થવો જોઈએ તે રીતે થતો નથી. આજે પણ દલિતો અને આદિવાસીઓ અત્યાચારોનો ભોગ બની રહ્યા છે.



**અત્યાચાર અને તેનાં કારણો :**

દલિતો આદિવાસીઓ ઉપર થતા અત્યાચારોનો જો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવે તો અનેક જાતનાં કારણો જાણવા મળે એમ છે ! આઝાદી પછીના વર્ષોમાં અત્યાચારોનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. કારણ કે બંધારણીય જોગવાઈ અને અનામત નીતિ વિગેરે દલિતો આદિવાસીઓ માટે બનાવાઈ; આને લઈને કેટલાક દલિતો/ આદિવાસીઓ ભણતા થયા, જાણકારી મેળવતા થયા અને પોતાના હક્કો માટે જાગ્રૃત થયા. આવા સંજોગોમાં બિનદલિતોને હંમેશાં થવા માંડયું કે તેમના ગરાસમાં/ અધિકારોમાં કોઈ ભાગ પડાવી રહ્યું છે. આવી સંકુચિત લાગણીને ધ્યાનમાં લઈ તેઓ દલિતો, આદિવાસીઓ ઉપર વધુ ને વધુ અત્યાચારો ગુજારવા લાગ્યા, બીજુ મહત્વનું કારણ ઔદ્યોગિક ક્રાંતિ અને આર્થિક સુધારાની સાથે સાથે રોજગારીની તકો વધુ ઊભી થવા માંડી, રોજગારી પણ વધવા માંડી લોકો રોજગારી વધુ માંગવા માંડયા, કામની સામે જ્યારે પૂરતો રોજ માંગવામાં આવ્યો તેનાથી પણ અત્યાચારોની સંખ્યા વધવા માંડી, ત્રીજુ મહત્વનું કારણ એવું છે કે સામાજિક રીતે દલિતો/ આદિવાસીઓ દિવસે દિવસે આગળ વધતા ગયા. તેમની સામાજિક, આર્થિક પરિસ્થિતિઓમાં સુધારા થતા ગયા. બીજી બાજુ બિન દલિતવર્ગ ખાસ કરીને જેને આપણે પરખોડ વસ્તી કહીએ છીએ તેઓનાં જીવનધોરણ એના એજ રહેતાં તેઓ હંમેશાં દલિતો/આદિવાસીઓની ઈર્ષા કરતાં થયાં અને કહેવાતા સર્વણોના હાથા બની દલિતો ઉપર અત્યાચાર ગુજારવા લાગ્યા. ચોથું કારણ એવું છે કે રૂઢિગત સમાજમાં હવે સુધારા આવવા લાગ્યા છે. ખાસ કરીને દલિતો અને આદિવાસી યુવકોમાં ખૂબજ સુધારા જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ વગેરે જોવા મળે છે. હવે તેઓ બિન દલિતોની ગુલામગીરી કરતા બંધ થવા લાગ્યા. આ વસ્તુસ્થિતિ બિન દલિતોને ખૂંચવા લાગી અને તેઓએ હવે અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યું. પાંચમું કારણ એ જોવા મળ્યું કે દલિતોમાં થયેલા સુધારાને લઈને તેઓ હવે વેઠપ્રથાને ઓછું મહત્ત્વ આપવા લાગ્યા અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવતી વેઠ પ્રથાનો વિરોધ કરવા લાગ્યા તેના લીધે પણ અત્યાચારો દિનપ્રતિદિન વધતા ગયા. આમ દલિતો, આદિવાસીઓ ઉપર થતા અત્યાચારો માટે અનેક કારણો જવાબદાર છે. તેમાં ખાસ કરીને આપણી સામાજિક રચના, અસમાન વિકાસ, રાજકીય ઉશ્કેરણી, ઈર્ષા વિગેરે જેવાં અનેક કારણો અત્યાચાર માટે મૂળભૂત રીતે જવાબદાર છે.

★ ★ ★

## અત્યાચાર નિવારણ અધિનિયમના અમલ માટે કેટલાંક સૂચનો

વડોદરા જિલ્લામાં ૧૯૯૨-૯૩માં થયેલાં જુદા જુદા અત્યાચાર કેસોનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ અમે અહીંઆં કેટલાંક સૂચનો કરવા માગીએ છીએ. આ સૂચનો ખાસ કરીને અત્યાચાર નિવારણ અધિનિયમ કેવી રીતે અસરકારક બનાવી શકાય તે અંગેનાં છે.

(૧) અત્યાચાર નિવારણ અધિનિયમ ને લોકોમાં વધુને વધુ પ્રચલિત બનાવવો જોઈએ અને તેમાં કરવામાં આવેલી જોગવાઈ અંગેની માહિતી લોકો સુધી પહોંચાડવી જોઈએ.

(૨) અત્યાચાર થયા પછી જેતે વિસ્તારમાં દલિતોને પોલીસ સંરક્ષણ પહોંચાડવું જોઈએ.

(૩) સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમ જ અન્ય મંડળો દ્વારા દલિતો અને બીનદલિતો વચ્ચેની જે ખાઇ પડી રહી છે, તે દૂર કરવા પ્રયત્નો કરવા જોઈએ.

(૪) અત્યાચારનો ભોગ બને તેવા લોકોનો પુનઃ વસવાટ સુવ્યવસ્થિત રીતે થવો જોઈએ. ફક્ત પૈસા ચૂકવવાથી પુનઃવસવાટ થતો નથી પરંતુ તેમના માટે તાલીમ, રોજગારીની તકો વિગેરે માટે પણ કામ થવું જોઈએ.

(૫) અત્યાચાર અધિનિયમ પ્રમાણે સ્પેશ્યલ કોર્ટ હોવી જરૂરી છે. પરંતુ માહિતી મુજબ હજુ પણ સ્પેશ્યલ કોર્ટો શરૂ કરવામાં આવી નથી. તે શરૂ થવી જોઈએ અને કેસોનો ઝડપી નિકાલ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ.

(૬) અત્યાચાર થયા પછી અત્યાચાર પામેલા લોકોનો અભ્યાસ કોઈ શૈક્ષણિક સંસ્થા દ્વારા થવા જોઈએ અને ખાસ કારણોની તપાસ કરી તેના ઉપાયો થવા જોઈએ.

(૭) અત્યાચાર અધિનિયમ મુજબ પોલીસનું કાર્ય ખૂબજ અગત્યનું છે. પોલીસને ખાસ કરીને એફ.આઈ.આર. કેસ નોંધણી વગેરે અંગે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.



(૮) ગ્રામ્ય વિસ્તારોમાં દલિતો અને બિન-દલિતો સાથે મળી એકબીજાને સમજે તેવા પ્રયત્નો થવા જોઈએ. લોકશિક્ષણ આપવું જોઈએ, તે માટે રેડિયો, ટેલિવિઝન વિગેરેનો ઉપયોગ થવો જોઈએ.

(૯) જે ગામમાં/ વિસ્તારમાં અત્યાચારો ખૂબજ થતા હોય ત્યાં ખાસ કરીને અત્યાચાર કરવામાં સામેલ લોકો ઉપર અલગ પ્રકારનો વેરો નાખવો જોઈએ જેથી ભવિષ્યમાં તેઓ અત્યાચાર ગુજારે નહી.

(૧૦) અત્યાચાર અધિનિયમ અંગેની જાણકારી યુવક મંડળ, મહિલા મંડળ, દૂધ ઉત્પાદક મંડળી, પંચાયત ઓફિસ વગેરે જગ્યાએ તેમના હોદ્દેદારોને આપવી જોઈએ. અને તેઓના કાર્યનું મૂલ્યાંકન કરી તેમને ઈનામો પણ આપવા જોઈએ.

(૧૧) અત્યાચાર અધિનિયમના અસરકારક અમલીકરણ માટે તેનું હંમેશાં મૂલ્યાંકન કરવું જોઈએ. આ મૂલ્યાંકન કોઈ શૈક્ષણિક સંસ્થા કે સંશોધન કરતી સંસ્થાને સોંપવું જોઈએ. અને જરૂર પડે તેનાં અસરકારક અમલીકરણ માટે સુધારાવધારા કરવા જોઈએ.

**ઉપસંહાર :**

અત્યાચારો અટકાવવા ફક્ત અત્યાચાર વિરોધી કાયદો જ મદદ નહિ કરે પરંતુ સ્વયં લોકોએ પોતે જ પોતાની જવાબદારી સમજી અત્યાચાર રોકવા પ્રયત્નો કરવા જોઈએ. દેશ સ્વતંત્રતાના ૫૦ મા વર્ષને ઊજવી રહ્યો છે ત્યારે હવે દેશમાં ઊંચનીચના ભેદભાવ દૂર કરી લોકોને સમાન તકો મળે તેવા પ્રયત્નો થવા જોઈએ. અને દલિતો પર થતા અત્યાચારો રોકવા ઘનિષ્ઠ પ્રયત્નો થવા જરૂરી છે. જરૂર પડે સરકારે કડકમાં કડક હાથે કામ લઈને પણ અત્યાચાર રોકવા પ્રયત્નો કરવા જોઈએ.

**સંદર્ભસૂચિ :**

(૧) ડો.ઉર્મિલાબહેન પટેલ : ગુજરાતના વિકસતાં સમુદાયો
(૨) શ્રી મગનભાઈ પરમાર તથા શ્રી જગદીશ સોલંકી - ડો.આંબેડકરના વિકાસના અભિગમો
(૩) શ્રી રામ આહુજા - સોશ્યલ પ્રોબલેમ્સ ઓફ ઇન્ડિયા
(૪) મગનભાઈ પરમાર તથા જગદીશ સોલંકી - હરિજનો પર થતા અત્યાચાર નો અભ્યાસ

★ ★ ★

## ૬. દલિત આંદોલનમાં સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા

– રાજુ સોલંકી

સ્વૈચ્છિક સંગઠન કહેતા એન.જી.ઓ. એટલે કે નોન ગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન વીસમી સદીના ભારતની વિલક્ષણ સામાજિક ઘટના છે. વિનોબા ભાવેએ કહેલું કે અ-સરકારી એટલું અસરકારી. બંગાળીમાં જેને તૃણમૂળ કહે છે એવા આ પાયાના ગ્રાસરૂટ સંગઠનો સમાજ પરિવર્તનની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા હોવાનું કહેવાય છે.

આવા સંગઠનોની દલિત આંદોલનમાં શું ભૂમિકા છે ? અત્રે એક સ્પષ્ટતા કરી લઈએ કે અહીં સ્વૈચ્છિક સંગઠનોને તેમની સેક્યુલર ભૂમિકાના સંદર્ભમાં લીધા છે. ધાર્મિક સંગઠનો પણ સ્વૈચ્છિક છે. પરંતુ અહીં તેમની ભૂમિકા અંગે ચર્ચા કરી નથી. સ્વૈચ્છિક સંગઠનો કાનૂની મદદ, તબીબી શિક્ષણ-સહાય, વનીકરણ વગેરે ક્ષેત્રોમાં કામ કરે છે. મોટાભાગનાં સંગઠનો વિદેશી સહાયથી ચાલે છે.

છેલ્લા પાંચ દાયકાના દલિત આંદોલનનો ઇતિહાસ તપાસીએ તો તેમાં આપણે જોઈશું કે મોટાભાગની ચળવળો, આંદોલનો, પ્રતિકાર, દલિતોના સ્વયંસ્ફૂર્ત સંગઠનો તેમ જ આંતરિક સંશોધનો દ્વારા થયા છે. સાંબરડાની હિજરત ચાર મહિના ચાલી હતી. દલિતોએ પોતાનાં આંતરિક સાધનો દ્વારા આ લડતને ટકાવી અને સફળ બનાવી. આને માટે પરદેશથી કોઈ નાણાં લેવાની જરૂર પડી નહોતી. કોઈ પ્રોજેકટ બનાવવાની જરૂર પડી નહોતી.

૯૯% સ્વૈચ્છિક સંગઠનો ઉજળિયાતો દ્વારા સંચાલિત છે. ભાગ્યે જ કોઈ રડીખડી દલિત-આદિવાસી સંસ્થા એવી હશે કે જેના કર્તાહર્તા દલિતો-આદિવાસીઓ પોતે હોય. આ એક કરુણતા છે. વાસ્તવિકતા છે. આઝાદી પહેલાં હરિજન સેવક સંઘ જેવી એન.જી.ઓ.હતી. જેના સૂત્રધાર સવર્ણો હતા. હાલની એન.જી.ઓ. હરિજન સેવક સંઘની વધારે POLISHED, SOPHISTICATED સુસંવર્ધિત આવૃત્તિઓ સમાન છે.

સ્વૈચ્છિક સંગઠનો નવી આર્થિક નીતિ, ઉદારીકરણ, વૈશ્વિકરણ, ખાનગીકરણ જેવી બાબતોમાં મગનું નામ મરી પાડતી નથી. કહો કે સ્વૈચ્છિક



સંગઠનોની કોઈ ચોક્કસ આર્થિક-રાજનૈતિક વિચારધારા નથી. હકીકતમાં સ્વૈચ્છિક સંગઠનો વિકસિત- developed - રાષ્ટ્રોની નવ સંસ્થાનવાદી નીતિઓના ભાગરૂપે કામ કરે છે. ત્રીજા વિશ્વના દેશોના બજારો જીતવાની વ્યૂહરચનાના ભાગરૂપે પ.યુરોપ અને અમેરિકા-પ્રેરિત સ્વૈચ્છિક સંગઠનો કામ કરે છે. આ પ્રક્રિયા ઘણી સંકુલ છે. દેખીતી નજરે કળાય એવી નથી. પરંતુ, વિશ્વબેન્કની ગાઈડલાઈન્સ પ્રમાણે કામ કરતી ત્રીજા વિશ્વના રાષ્ટ્રોની સરકારો ઉપર દબાણ લાવવા સ્વૈચ્છિક સંગઠનોનો ઉપયોગ થાય છે.

વિકાસલક્ષી પ્રવૃત્તિમાં રાજ્યને પૂરક બનવા માટેની સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા હોવાનું કહેવાય છે. પણ વાસ્તવિકતા કંઈક જુદી છે. આદિવાસીઓના જળ, જંગલ, જમીન ઉપરના અધિકારને ખતમ કરવા સર્જાતા ષડયંત્રોના ઘટાટોપ સામે સ્વૈચ્છિક સંગઠનો અવાજ ઉઠાવતા નથી. દલિતો ઉપર થતા અત્યાચારોના એકલદોકલ કિસ્સાઓમાં કાનૂની મદદ આપવાની સીમિત ભૂમિકા જ ભજવતા સ્વૈચ્છિક સંગઠનો દલિતોના પ્રશ્નોના સર્વાંગી ઉપાય સમા અલગ વસાહતના મુદ્દાની ઉપેક્ષા કરે છે.

સૌથી મહત્ત્વની બાબત છે એન.જી.ઓ.ની નાણાંકીય જવાબદારી અને વિશ્વસનીયતાની. કરોડો રૂપિયાની વિદેશી મદદ ક્યાં જાય છે, ક્યાં વપરાય છે, કોણ વાપરે છે એનો કોઈ હિસાબ હોતો નથી. ફોરેન ફન્ડનું ઑડિટ થતું નથી. ગંજાવર નાણાનો સ્ત્રોત એન.જી.ઓ.ની વિશ્વસનીયતા સામે મોટો પડકાર છે.

દલિત-પીડિત-શોષિત-વંચિત સમૂહોના નામે કરોડો રૂપિયા મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્તાહર્તા સવર્ણો છે. ભાગ્યે જ કોઈ દલિત-આદિવાસી આ સંઘટનામાં સ્થાન મેળવી શકે છે. થોડાક સમય પહેલાં ગુજરાતમાં સ્વૈચ્છિક સંગઠનોએ રાજકીય પક્ષ બનાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. સત્તાકારણમાં સીધી ભાગીદારી મેળવવા ભવિષ્યમાં સ્વૈચ્છિક સંગઠનોના સૂત્રધારો રાજકીય પક્ષો સાથે જોડાઈને નવાં સમીકરણો રચશે ત્યારે ગ્રાસરૂટ્સ કહેતા પાયાના આંદોલનો અને કર્મશીલો કેવો પ્રતિભાવ પાઠવશે એ તો સમય જ કહેશે.

★ ★ ★

## ૭. પરિસંવાદમાં રજૂ થયેલા લેખોનો સારાંશ

## દલિત અત્યાચારોના સંદર્ભમાં માધ્યમોની ભૂમિકા

– રાજુ સોલંકી

માધ્યમો સાથે છેલ્લાં પાંચ વર્ષથી મારો ઘનિષ્ઠ નાતો રહ્યો છે. ગુજરાત ટુડે, સંદેશ, નવગુજરાત ટાઈમ્સ, સમભાવ, પ્રભાત જેવા દૈનિકોમાં કામ કર્યું છે. દૈનિકોની અંદરોઅંદરની સ્પર્ધા હોય કે બાપે માર્યા વેર હોઈ શકે પરંતુ દલિતો વિરુદ્ધ પ્રચાર કરવાનો હોય તો એકતા પ્રવર્તમાન જોવા મળે છે.

માધ્યમ કહેતાં ચોથી જાગીર મધ્યપ્રદેશની હોય કે ગુજરાતની, જાતિવાદી મનોદશા સર્વસામાન્ય ઘટના હોવાનો આ તીવ્ર અનુભવ છે.

પાંચવર્ષ પહેલાં પાટણ તાલુકાના એક અંતરિયાળ ગામમાં જવાનું થયું. .એક દલિતની બકરી ઉપર બળાત્કાર થયો. ઠપકો આપતાં દલિતનો સિતેર મણ રાયડો બાળી નાંખવામાં આવ્યો, ફક્ત કોળી ઠાકોરો અને ચમારોની જ વસ્તી ધરાવતા આ ગામની ઘટનાનું રીપોર્ટીંગ જે છાપામાં હું કામ કરતો હતો તેમાં કર્યું પણ છપાયું નહી.

હમણાં તાજેતરમાં ગુજરાત બંધના બનાવો વખતે માધ્યમોની ભૂમિકાનો ઇતિહાસ તાજો જ છે. બંધના દિવસે ઠેરઠેર છેડતીના બનાવો બન્યા હોવાના જૂઠા, ઉશ્કેરણીજનક સમાચારો લગભગ તમામ અખબારોએ છાપ્યા. જૂનાગઢમાં એક બાળાને અર્ધનગ્ન કરી એવા ઉશ્કેરણીજનક સમાચાર સંદેશ,ગુજરાત સમાચારે છાપ્યા. આ સમાચારને કારણે કેશોદમાં અજંપો ફેલાયો અને ચાર માણસો મરી ગયા એવું મારું તારણ છે.

★ ★ ★



## દલિતો પરના અત્યાચાર અને તેને અટકાવવાના ઉપાયો

– શંકરભાઈ સોમાભાઈ તડવી

દલિતોએ અત્યાચારનો સામનો કરવા માટે મુખ્યત્વે શિક્ષણ મેળવવું, સામાજિક એકતા જાળવવી, આર્થિક રીતે પગભર થવું અને વ્યસન મુક્ત બનવું જોઈએ. અત્યાચાર અટકાવવાના ઉપાયો તરીકે સંઘર્ષ કે હિંસાત્મક પગલાં જરૂરી ગણાય નહિ કેમ કે દલિતવર્ગ સધ્ધર નથી., સંગઠિત નથી તેથી સંઘર્ષ વ્યાજબી ગણાય નહી. કેમ કે કાયદો, પૈસા બધુ એ વર્ગો પાસે છે આપણી પાસે નથી. તેને બદલે શૈક્ષણિક, સામાજિક અને આર્થિક રીતે પ્રગતિ સાધવાનો સંઘર્ષ ખૂબ જરૂરી અને વ્યાજબી છે.

અત્યાચાર અટકાવવાના ઉપાયો તરીકે ધર્મ પરિવર્તનનો વિચાર પણ આત્મઘાતી છે. આપણે ધર્મ પરિવર્તન કરીને ગામ છોડી શકવાના નથી અને જે ધર્મ સ્વીકારીશું તે ધર્મવાળા સમાજમાં આપણો સામાજિક દરજ્જો અલગ જ હશે તેમના સમાજમાં આપણને સમાનતા નહીં મળે, તેથી ધર્મ પરિવર્તન અત્યાચાર અટકાવવા માટે અગત્યનું સાધન નથી જ.

ગુજરાતમાં મહી નદીથી ઉપરના ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં અત્યાચારો વધુ થાય છે કારણ કે તે વિસ્તારમાં ઊંચનીચની ભાવના પ્રબળ છે એટલે આપણે તેને કેવી રીતે નિર્મૂળ કરવી એ વિચારવું ખૂબ જ જરૂરી છે.

★ ★ ★

# અત્યાચાર ભારતીય સમાજનો મહારોગ

– જયવર્ધન હર્ષ

ભારતમાં દલિતો પર અત્યાચારો થાય છે મોટા ભાગના અમાનુષી હોય છે. અત્યાચાર થવાનાં ઘણાં બધાં કારણો હોય છે પરંતુ મુખ્ય કારણ દલિતો સવર્ણો સાથે સમાન આચરણ કરે છે. તેને તેઓ પોતાનું અપમાન સમજે છે. તેથી જ્યારે દલિતો અમાનવીય જીવનથી ઉપર ઊઠવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને નિરર્થક બનાવી દેવામાં આવે છે.

અત્યાચારના મહારોગને નાબૂદ કરવા માટે મનુષ્યબળ-ધનબળ-મનોબળ દ્વારા શક્તિઓ પ્રાપ્ત કરવી પડશે.

૧. સરકારની વિવિધ યોજનાઓનું બરાબર અમલીકરણ થાય તો તેઓ આર્થિક રીતે સદ્ધર બની શકે.

૨. અત્યાચાર નિવારણ કાયદાનો સખ્તાઈથી અમલ થવો જોઈએ. કાયદાના અમલ માટે ખાસ અદાલતો, ખાસ પોલીસ દળ તથા ચુનંદા અધિકારીઓ દ્વારા કાયદાનો કડક અમલ થાય તો અત્યાચાર અટકાવી શકાય છે.

૩. સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આવે, લોકોમાં મૈત્રીભાવ જાગે તો અત્યાચાર અટકાવી શકાય. બંને વર્ગો વચ્ચે વૈમનસ્ય ઓછું થાય તેવું સાહિત્ય પ્રચારમાં આવે, એવા કાર્યક્રમો યોજાય જેમાં અત્યાચાર અટકાવવા બાબતે લોકમત ઊભો થાય. જનસંગઠન એવું બને જે આ કાર્યને ઉપાડી લે. રાજ્ય અને કેન્દ્ર સરકાર આવા જનસંગઠનોને પ્રોત્સાહન આપી પ્રચાર માધ્યમો દ્વારા આ ઘટનાઓ ઓછી બને એવું વાતાવરણ બનાવે.

૪. અત્યાચાર અટકાવવા માટે ગાંધીવાદી વિચારસરણી એવું માને છે કે આ સામાજિક સમસ્યા છે. સવર્ણોના હૃદય પરિવર્તન દ્વારા પણ હલ થઈ શકે છે.

૫. આંબેડકરવાદી વિચારધારામાં અલગ વસાહત અને ધર્મપરિવર્તન દ્વારા પણ અત્યાચાર અટકાવી શકાય.

૬. સામાજિક,રાજકીય,કાયદાકીય રીતે આ મહારોગને નાથવાના પ્રયત્નો થાય છે પરંતુ જડ મૂળમાંથી ઉખેડી નાખવા માટે પ્રયત્નશીલ રહ્યા નથી તેથી આ મહારોગ મટ્યો નથી.

★ ★ ★



# દલિત સાહિત્યમાં અત્યાચારનું આલેખન

– પ્રા.યશવંત વાઘેલા

ભારતીય સાહિત્યના પુરાણોમાં શુદ્ર-અતિશુદ્ર સમાજ પરના અત્યાચારનું વર્ણન મળે છે. દલિતવર્ગોની ચેતના બ્રાહ્મણવાદ - પુરોહિતવાદની ચાંદીની ચાખડીઓ અને સોનાની પાદુકાઓ તળે કચરાતી રહી છે, યજ્ઞોમાં ભડભડ બળતી રહી છે. અશ્વમેધ યજ્ઞના અશ્વની ખરીઓ નીચે કચડાતી રહી, સામંતવાદી પડકારો વચ્ચે થરથરતી રહી છે. જન્મ આધારિત વર્ણવ્યવસ્થાના પાલનમાં કહેવાતા શ્રમવિભાજનને કારણે અનેક ચેતના કાળની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. દટાઈ ગઈ, ઘરબાઈ ગઈ, ન ચીસ ન ચિચિયારી. ક્યારેક શંબુક તો ક્યારેક સીતા તો ક્યારેક એકલવ્ય, ક્યારેક વીરમાયો, છેક શકરા સુધી આર્તનાદ સ્વરૂપે લોહીના બુંદ કાળા ડાઘ બનીને સંસ્કૃતિના ઇતિહાસના પાના ઉપર ખરડાઈ ગયા છે. વર્ણ-જાતિ વ્યવસ્થા પર આધારિત વ્યવસ્થાને હલન,શોષણ,પિડન,અત્યાચાર, બળાત્કાર, મહોલ્લાઓનો સામૂહિક વિનાશ, અસમાનતા, અસ્પૃશ્યતા, ગુલામગીરી, દાસત્વ ભારતીય સંસ્કૃતિના મહાકલંકો છે.

ગુજરાતી દલિત કવિતા સ્વદર્શનની, સ્વાનુભૂતિની અભિવ્યક્તિ છે. જેમાં પ્રાચીન ભારતથી સાંપ્રત ભારતની વર્ણજાતિ વ્યવસ્થાની પીડાઓ; જે વિછિન્નતા અને વેદનાનો અનુભવ આવ્યો છે, તેવા અનેકવિધ અત્યાચારનું આબેહૂબ નિરૂપણ થયેલું તેમાં જોવા મળે છે.

★ ★ ★

# દલિતોના પ્રશ્નો : સર્વેક્ષણના અનુભવો


— શ્રી ગૌરાંગ જાની

સ્વાતંત્ર્યના પચાસ વર્ષ દરમ્યાન ગુજરાતમાં દલિતોની સ્થિતિ વિષેની જાણકારી આપણને વિવિધ રીતે મળતી રહી છે. વસ્તી ગણતરીના સરકારી અહેવાલો, દલિત સાહિત્ય, સામાજિક - આર્થિક સર્વેક્ષણોની માહિતી અને વિશ્લેષણ તેમાં દલિતોનાં અનેક પાસાં સંબંધિત એકત્રિત થયેલી માહિતીનો પણ સમાવેશ થાય છે. જો કે ગુજરાતમાં સામાજિક વિદ્વાનો દ્વારા દલિતોના જીવનને સમજવાના પ્રયત્નો પ્રમાણમાં મર્યાદિત રહ્યા છે. સંશોધકની સંશોધન ક્ષેત્રને સમજવાની મર્યાદિત તૈયારી અને સંવેદનશીલતાનો અભાવ, આંકડાકીય માહિતી એકત્રીત કરી ભરપૂર સંતોષનો આ અંગેનાં કારણોમાં સમાવેશ થાય છે. મુખ્ય સંશોધક ભાગ્યે જ અભ્યાસ હેઠળનાં ગામોમાં જાય છે. તે ગામના દલિતોને રૂબરૂ મળવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. મેઈનસ્ટ્રીમ સમાજ વિજ્ઞાનિકોમાંના મોટા ભાગના ઉપલી જ્ઞાતિના શહેરી મધ્યમ વર્ગીય પરિવેશમાંથી આવે છે. દલિતોના અભ્યાસમાં રસ હોવા છતાં તેઓની વચ્ચે રહીને અભ્યાસ કરવાની પરંપરા મજબૂત ન બનવાને કારણે દલિતોની સમસ્યાઓનો, તેના વ્યાપનો અને તેના અર્થનો સંદર્ભ ગુમાવી બેસે છે. અને આંકડાકીય માહિતી દલિત સમાજના તાણાવાણાને સમજવામાં ઉપયોગી અને અર્થસભર બનતી નથી.

વીસમી સદીના અંતે ગુજરાતમાં દલિત સમસ્યાઓનો અભ્યાસ કરતાં એવું લાગે છે કે આંકડાકીય માહિતી ઉપરાંત અનેક બાબતોની વિગતોની નોંધ તેના સામાજિક,આર્થિક સંદર્ભ સમજવા નવી દિશા આપે છે. જેમ કે ધાર્મિક,સાંસ્કૃતિક ભેદભાવો, પરંપરાગત વ્યવસાય અંગે અને સામાજિક બહિષ્કાર વિષે વિગતે રજૂઆત કરવામાં આવેલી છે.

★ ★ ★







# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર : ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧. | આદિવાસીઓના પ્રશ્નો | સંપા. વિમલ શાહ | ૪.૦૦ |
| ૨. | ગુજરાતના આદિવાસીઓ | વિમલ શાહ | ૮.૦૦ |
| ૩. | ગુજરાતના દૂબળાઓ | પી. જી. શાહ | ૩.૫૦ |
| ૪. | ગુજરાતી-ભીલી વાતચીત (ગરાસિયા સ્વરૂપ) | શાંતિભાઈ આચાર્ય | ૨.૦૦ |
| ૫. | ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ | " " | ૮.૦૦ |
| ૬. | ભીલી ગુજરાતી શબ્દાવલિ (ગરાસિયા સ્વરૂપ) | " " | ૧.૫૦ |
| ૭. | સમૂહ શ્રાદ્ધ | વિમલ શાહ, રમેશ શ્રોફ અને હકુ શાહ | ૧૦.૦૦ |
| ૮. | દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણી કાર્ય | હકુ શાહ | ૪.૦૦ |
| ૯. | દૂબળાનાં લોકગીતો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૦. | પછાતવર્ગો વિશે બે મનનો | સંપા. ડૉ. ઠા. ભા. નાયક, સહ સંપા. ડૉ. સિદ્ધરાજ સોલંકી | ૨૦.૦૦ |
| ૧૧. | સગાઈનો અભ્યાસ : કેટલાક સૂઝાવો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૨. | પશુપાલનનો સમાજ-માનવશાસ્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી, ડૉ. આશા સોલંકી | ૧૮.૦૦ |
| ૧૩. | સંથાલ આદિવાસીઓ | સંપા. ડૉ. ઠા. ભા. નાયક, ડૉ. સિદ્ધરાજ સોલંકી | ૧૫.૦૦ |
| ૧૪. | ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી | આર. બી. લાલ | ૩૦.૦૦ |
| | આયોજન (સાગબારા) | ભારતીબહેન દેસાઈ | |
| ૧૫. | આદિવાસી લોકસંગીત | સ્વરાંકન નોંધ : રાવજીભાઈ પટેલ, ગીત સંચય : વિમલ શાહ | ૯.૦૦ |
| | | ડૉ. સિદ્ધરાજ સોલંકી, ઈન્દ્રશંકર રાવલ | |
| ૧૬. | બાબ(ઉઝે)રનો સમાજ-માનવશાસ્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી, ડૉ. આશા સોલંકી | ૭-૦૦ |
| ૧૭. | ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા | મુસ્તાઅલી મસવી | ૩.૫૦ |
| ૧૮. | गूजरातके आदिवासी | विमल शाह | ૮.૦૦ |
| ૧૯. | Mogra Dev-Tribal Crocodile God | Eberhard Fischer, Haku Shah | ૧૫.૦૦ |
| ૨૦. | Vatra Ne Khambha : Memorials for the Dead | Eberhard Fischer, Haku Shah | ૧૫.૦૦ |
| ૨૧. | Block Level Planning for Full Employment (Sagbara) | R. B. Lal, Bharati Desai | ૪૦.૦૦ |
| ૨૨. | The Saharias | Dr. T. B. Naik | ૨૫.૦૦ |
| ૨૩. | ગુજરાતના આદિવાસી લઘુ વિસ્તારોનું આયોજન | ડૉ. ઠા. ભા. નાયક | ૬.૦૦ |
| ૨૪. | ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો | સંપા. ડૉ.સિદ્ધરાજ સોલંકી | ૪૦.૦૦ |
| ૨૫. | ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ગરીબીનિવારણ | સંપા. ડૉ. ઠા. ભા. નાયક | ૬.૦૦ |
| | | ડૉ.મુસ્તાઅલી મસવી | |
| | | સંપા. ડૉ. ઠા. ભા. નાયક | ૫૦.૦૦ |
| ૨૬. | ગુજરાતની પાંચ પછાત જાતિઓનો પરિચય | મુસ્તાઅલી મસવી | |
| | | અરુણ ભા. પટેલ | ૬૫.૦૦ |
| ૨૭. | આદિવાસી સ્રીઓમાં નવી ટેક્નોલૉજીનો ઉદય અને પ્રભાવ | R. B. Lal | ૩૫.૦૦ |
| ૨૮. | From Farm to Factory | મુસ્તાઅલી મસવી | |
| ૨૯. | અમદાવાદ શહેરમાં મહિલા ભિક્ષુકોની સમસ્યા | ડૉ. ઠા. ભા. નાયક | ૧૦૦.૦૦ |
| ૩૦. | ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની | | |
| | ઉ. બુ. આશ્રમશાળાઓ | Dr. T. B. Naik | ૧૦૦.૦૦ |
| ૩૧. | The Sidis of Gujarat | G. P. Pandya | |
| | | G. P. Pandya | ૯૦.૦૦ |
| ૩૨. | Indebtedness And Land Alienation among the | Arun Patel | |
| | Tribals of Dadranagar Haveli (U. T.) | | |

★ પ્રાપ્તિસ્થાન ★

નવજીવન કાર્યાલય, અમદાવાદ-૩૮૦૦૧૪.